આજનો સુવિચાર

મનુષ્ય તેના સારા આચરણ અને સારા ગુણને કારણે જ ઓળખાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૮૯ જૂનાગઢ તા.૨૭-૭-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 189, Junagadh : Date : 27 July, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


### વડાપ્રધાનને આવકારવા રાજકોટમાં ભારે ઉત્સાહ : રૂા.૨૦૦૦ કરોડથી વધુનાં વિકાસ કાર્યોનું લોકાર્પણ કરશે

## રાજયનાં પ્રથમ ગ્રીન ફિલ્ડ હિરાસર એરપોર્ટનું આજે વડાપ્રધાનનાં હસ્તે લોકાર્પણ : રેસકોર્સ મેદાનમાં જંગી જાહેરસભા

રાજકોટ તા. ૨૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય જીત બાદ પ્રથમ વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટ આવી રહ્યા છે. તેઓ આજે રાજકોટમાં આવી સૌરાષ્ટ્રવાસીઓને રૂા.૨૦૦૦ કરોડ કરતાં વધુ રકમનાં વિકાસ કામોની ભેટ આપવાના છે. જેમાં ગુજરાતનું પ્રથમ ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ તેમજ સૌરાષ્ટ્રના પ્રથમ ડબલ ડેકર બ્રિજનું લોકાર્પણ કરવાના છે. આ ઉપરાંત સૌનીયોજના, પુસ્તકાલય, ડીઆઈ પાઈપલાઈન અને ફિલ્ટર પ્લાન્ટ સહિતનાં કામોને ખુલ્લાં મૂકવાના છે. તેમજ રેસકોર્સ મેદાન ખાતે જાહેરસભાને સંબોધન કરશે. ત્યારે વડાપ્રધાનના કાર્યક્રમને લઈ વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને પૂર્ણ કરી દેવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અનેક વિકાસ કામોનું લોકાર્પણ કરી રાજકોટ અને સૌરાષ્ટ્રવાસીઓને મોટી ભેટ આપશે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા ડોમ તથા મુખ્ય સ્ટેજ તૈયાર કરી દેવાયું છે. આ ઉપરાંત ગ્રીનરૂમ પણ તૈયાર કરી દેવામાં આવ્યો છે. મુખ્ય સ્ટેજ ૮૦ ફૂટ પહોળું અને ૩૬ ફૂટ લાંબું તૈયાર કરી દેવામાં આવ્યું છે. જેમાં ૧ લાખ લોકો બેસી શકે તે પ્રકારનો ૧૮૦ બાય ૨૨૦ મીટરનો જર્મન ડોમ તૈયાર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં જનસભાની અંદર ૭૫ હજારથી વધુ જનમેદની એકઠી કરવાનો ટાર્ગેટ છે. જેમાં રાજકોટ શહેર જિલ્લા ઉપરાંત સૌરાષ્ટ્રભરમાંથી લોકો આવનાર છે. આ સાથે જાહેરસભાનું લાઈવ પ્રસારણ લોકો સારી રીતે નિહાળી શકે તે માટે ખાસ મુખ્ય સ્ટેજ ઉપરાંત ૨૭ જેટલી એલઈડી સ્ક્રીન પણ મૂકવામાં આવ્યા છે.

વડાપ્રધાનના આગમન પહેલાં રાજકોટ ખાતે પોલીસના ઉચ્ચ અધિકારીઓની બેઠક મળી હતી. જ્યાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓ માટે પોઈન્ટ નક્કી કરવામાં આવ્યા છે. આ સાથે પીએમના આગમન સમયે હુમલો, વિરોધપ્રદર્શન જેવી સ્થિતિ ઊભી ન થાય એનું ધ્યાન રાખવા સૂચના આપવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમ દરમિયાન પોલીસ કમિશનર, ૪ ડીસીપી, પાંચ એસપી, ૧૮ એસીપી, ૬૦ પીઆઈ, ૧૬૯ પીએસઆઈ સહિત કુલ ૩૦૧૯ પોલસીકર્મી ફરજમાં તહેનાત રહેશે.

રાજકોટનું હીરાસર એરપોર્ટ આજે બપોરે ૩.૩૦ કલાકે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રને સમર્પિત કરશે ત્યારે આ ઘટના ઐતિહાસિક સુવર્ણ અવસર તરીકે નોંધાશે. રાજકોટ - સૌરાષ્ટ્રની પ્રજા આ ઈન્ટરનેશનલ એરપોર્ટ નિહાળી ખુશખુશાલ બની છે. ૨૩ હજાર ચો.મી.માં એરપોર્ટ તૈયાર થયું. નરેન્દ્રભાઈનું ડ્રીમ સાકાર બની ગયું અને રાજકોટની અને રાજકોટના વિકાસની ગગનમાં છલાંગ લાગી છે.

## વડોદરા શહેર - જીલ્લામાં મૂર્તિ વિસર્જન કરવા ગયેલા પાંચ યુવાનો ડુબ્યા : બેનાં મૃતદેહ મળ્યા ત્રણ લાપત્તા

વડોદરા તા. ૨૭

વડોદરા શહેર-જિલ્લામાં ઉત્સાહભેર ઉજવાતો દશામા ઉત્સવ આજે શોકમાં પરિણમ્યો હતો. વડોદરા નજીકથી પસાર થતી મહિસાગર નદીમાં દશામાની મૂર્તિનું વિસર્જન કરવા માટે ગયેલા પાંચ યુવાનો ડૂબી ગયા છે. જેમાં વડોદરા નજીક સિંધરોટ મહી નદીમાં એક હોમગાર્ડ જવાન સહિત બે યુવાનો અને સાવલી તાલુકાના કનોડા ગામ પાસે રણછોડપુરા ગામના ૩ યુવાન ડૂબી ગયા હતા. આ બનાવોની જાણ વડોદરા ફાયરબ્રિગેડને કરવામાં આવતા લાશ્કોરની અલગ-અલગ ટીમો પહોંચી હતી અને શોધખોળ શરૂ કરી હતી. જેમાં ફાયરબ્રિગેડને બે યુવકોના મૃતદેહ મળી આવ્યા છે. તો હજુ ૩ યુવાનની શોધખોળ શરૂ છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે વડોદરાના કિશનવાડી વિસ્તારમાં રહેતા પ્રજ્ઞેશ માછી (ઉં.વ.૨૩)ના ઘરે દશામાની સ્થાપના કરી હતી. ઉત્સાહભેર દશામાની ઉજવણી કર્યા બાદ આજે વહેલી સવારે તેઓ વડોદરા નજીક સિંધરોટ મહિ નદી ઉપરના ચેકડેમ પાસે મૂર્તિનું પરિવાર સાથે વિસર્જન કરવા માટે ગયો હતો. તેની સાથે કિશનવાડીમાં જ રહેતો હોમગાર્ડમાં ફરજ બજાવતો ૨૪ વર્ષિય સાગર જગદીશભાઈ કુરી પણ ગયો હતો.

મૂર્તિનું વિસર્જન કરવા માટે પ્રજ્ઞેશ માછી ચેકડેમ પાસે જતાં ધસમસતા મહી નદીના પાણીમાં તણાવા લાગ્યો હતો. પ્રજ્ઞેશે બચાવવા માટે બુમો પાડતા તેનો મિત્ર સાગર કુરી પાણીમાં કૂદી પડ્યો હતો. પરંતુ પાણીનો પ્રવાહ વધુ હોવાથી તે પણ તણાવા લાગ્યો હતો અને જોતજોતામાં બંને મિત્રો લાપતા થઈ ગયા હતા. આ દરમ્યિાન બનાવની જાણ સાગર કુરીના હોમગાર્ડમાં નોકરી કરતા મિત્ર જયેશભાઈ શર્માને કરાતા તેઓ અન્ય હોમગાર્ડ જવાનો સાથે સ્થળ પર દોડી ગયા હતા.

આ અંગેની જાણ વડોદરા ફાયરબ્રિગેડને કરતા લાશ્કરો સ્થળ પર દોડી જઈ શોધખોળ શરૂ કરી હતી.

કિશનવાડીમાં રહેતા પ્રજ્ઞેશ માછી અને સાગર કુરી મહિ નદીમાં ડૂબી જવાથી લાપતા થતાં, નદી કિનારે પરિવારજનોનું હૈયાફાટ રૂદને સન્નાટો પાથરી દીધો હતો. બીજી બાજુ કિશનવાડીમાં ગમગીની ફેલાઈ ગઈ હતી. દશામાંની ઉજવણીનો ઉત્સાહ શોકમાં ઘરકાવ થઈ ગયો હતો. આ બનાવની જાણ પોલીસને થતાં પોલીસ પણ સ્થળ પર દોડી ગઈ હતી. બન્ને યુવકની શોધખોળમાં એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.

પરિવારજનોએ આક્ષેપ મૂક્યો હતો કે, દશામાની મૂર્તિઓનું વિસર્જન કરવા માટે લોકો સિંધરોટ ખાતે આવશે. તેવી તંત્રને જાણ હોવા છતાં, તંત્ર દ્વારા કોઈ સુવિધા કરવામાં આવી ન હતી. સિંધરોટ ખાતે ફાયરબ્રિગેડની ટીમોને પણ તૈનાત રાખવી જોઈતી હતી, પરંતુ તંત્ર દ્વારા તૈનાત રાખવામાં આવી ન હતી. જો ફાયરની ટીમો સ્થળ પર હોત તો કદાચ બંને યુવાનોને બચાવી લેવાયા હોત.

આ ઉપરાંત વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના કનોડા ગામના રણછોડપુરા ગામના ૩ યુવાનો સંજય પૂનમભાઈ ગોહિલ (ઉં.વ. ૩૨), કૌશિક અરવિંદભાઈ ગોહિલ (ઉં.વ. ૨૦) અને વિશાલ રતિલાલ ગોહિલ (ઉં.વ.૧૫) આજે વહેલી સવારે પરિવારજનો સાથે દશામાંની મૂર્તિનું વિસર્જન કરવા માટે કનોડા ગામ પાસેથી પસાર થતી મહિ નદીમાં ગયા હતા.

મૂર્તિઓના વિસર્જન સમયે મહી નદીના ધસમસતા પાણીમાં એક પછી એક ત્રણે યુવાને એક-બીજાને બચાવવા જતા ડૂબી જતા લાપતા થયા હતા. એક જ ગામના ત્રણ યુવાનો એક સાથી ડૂબી જતા લાપતા થતા રણછોડપુરા ગામમાં સન્નાટો છવાઈ ગયો છે. ગામના લોકો નદી કિનારે દોડી આવ્યા હતા. તો બીજી બાજુ નદી કિનારે ત્રણે યુવાનોના પરિવારજનોના આંક્રદે ગમગીની ફેલાવી દીધી હતી.

આ બનાવ અંગે કનોડાગામના સરપંચ મહેશભાઈ વાઘેલાએ વડોદરા ફાયરબ્રિગેડને જાણ કરતા તુરંતજ લાશ્કરો કનોડા ખાતે પહોંચી ગયા હતા. લાપતા યુવાનોની શોધખોળ શરૂ કરી હતી. જેમાં ભારે જહેમત બાદ સંજય ગોહિલનો મૃતદેહ મળી આવ્યો હતો. લાપતા થયેલા ત્રણ યુવાનો પૈકી સંજય ગોહિલ પરિણીત છે અને તેઓને બે સંતાનો પણ છે. તેઓ ખેતી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. જ્યારે કૌશિક ગોહિલ કોલેજમાં અભ્યાસ કરે છે અને વિશાલ ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે. સંજય ગોહિલ અને કૌશિક ગોહિલ પરિવારના એકના એક સંતાન હોવાનું જાણવા મળ્યું હતું. રણછોડપુરા ગામના ત્રણ યુવાનો ડુબી જવાની ઘટનાથી સમગ્રપંથકમાં હાહાકાર મચાવી મૂક્યો છે.

## ભારતનું અર્થતંત્ર ટોપ-૩માં સ્થાન પામશે : વડાપ્રધાન મોદીએ ગેરંટી આપી

નવી દિલ્હી તા.૨૭ : ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીનાં પ્રગતિ મેદાન ખાતેનાં કાર્યક્રમમાં એમ કહ્યું હતું કે ૨૦૨૪ ની ચૂંટણી પછીની મારી ત્રીજી ટર્મમાં ભારતીય અર્થતંત્ર વિશ્વનું ત્રીજા નંબરનું થઈ જશે. આ મારી ગેરેંટી છે. ઈન્ટરનેશનલ કન્વેનશન સેન્ટરનાં ઉદઘાટન કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કર્યું હતું કે ૨૦૨૪ ની ચૂંટણીમાં પણ ભાજપ પ્રચંડ જીત સાથે સતા પર આવશે અને નવી ત્રીજી ટર્મની સરકારનાં કાર્યકાળ દરમ્યાન ભારતીય અર્થ વ્યવસ્થા દુનિયાની ત્રીજા નંબરની હશે. મારા ત્રીજા કાર્યકાળ દરમ્યાન લોકો પોતાની આંખો સમક્ષ સપના પૂર્ણ થતા જોઈ શકશે. તેમણે કહ્યું કે ૨૦૧૪ માં ભારત વિશ્વની અર્થ વ્યવસ્થામાં ૧૦ મા નંબરે હતું. પોતાના બીજા કાર્યકાળમાં પાંચમા નંબરે છે.

ત્રીજા કાર્યકાળમાં વિશ્વની ત્રીજી અર્થ વ્યવસ્થા બનશે. તેની ગેરેંટી છે. વિશ્વની ટોપ-૩ ઈકોનોમીમાં ગર્વપૂર્વક ભારતનું સ્થાન હશે હું એ પણખાતરી આપુ છું કે આપણા ત્રીજા કાર્યકાળમાં દેશની વિકાસયાત્રા ઝડપથી આગળ વધશે. વડાપ્રધાને કહ્યું કે આ બધા વિધાન ટ્રેડ રેકોર્ડનાં આધારે કરી રહ્યો છું. ભારતને મોટી તકછે. ૧૦૦ વર્ષપૂર્વે ભારત, જયારે આઝાદીનું યુદ્ધ લડી રહ્યું હતું ત્યારે ૧૯૨૩ થી ૧૯૩૦ નો દાયકો ભારતની આઝાદી માટે ઘણો મહત્વપૂર્ણ હતો

એજ રીતે ૨૧ મી સદીનો આ દાયકો પણ એટલો જ મહત્વપૂર્ણ છે. છેલ્લી સદીનાં ત્રણ દાયકામાં સ્વરાજયનું લક્ષ્ય હતું.આજે ધ્યેય સમૃદ્ધ તથા વિકસીત ભારત બનાવવાનું છે.

## અમેરીકામાં ફેડ વ્યાજદર ૧૬ વર્ષની ટોચે પહોંચ્યો : ૧૧મી વખત વધારો કરાયો

નવી દિલ્હી તા. ૨૭ : અમેરિકાની ફેડરલ બેંકે ફરી એક્વાર વ્યાજ દરમાં વધારો કર્યો છે. આ વખતે તેમાં ૨૫ બેસિસ પોઈન્ટનો વધારો થયો છે. તે સાથે અમેરિકામાં પોલિસી રેટ ૧૬ વર્ષની ટોચે પહોંચી ગયો છે. અમેરિકાની સેન્ટ્રલ બેંકે ફુગાવાને ટાંકીને વ્યાજ દરમાં વધારો કર્યો છે. છેલ્લી ૧૨ બેઠકોમાં ૧૧મી વખત વ્યાજદરમાં વધારો કરવામાં આવ્યો છે. આ સાથે, બેન્ચમાર્ક રાતોરાત વ્યાજ દર ૫.૨૫% થી ૫.૫૦% ની રેન્જમાં આગળ વધ્યો છે. ફેડ રિઝર્વે ૧૭ મહિનામાં ૧૧મી વખત વ્યાજદરમાં વધારો કર્યો છે. આ પ્રત્યક્ષ કે આડકતરી રીતે ઘણા પ્રકારના ગ્રાહક દરોને અસર કરે છે. આ સાથે બેંકે કહ્યું છે કે વ્યાજ દરો વધુ વધી શકે છે.

ફેડ રિઝર્વે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ફેડરલ ઓપન માર્કેટ કમિટી વધારાની માહિતી અને નાણાકીય નીતિ પર તેની અસરનું મૂલ્યાંકન કરવાનું ચાલુ રાખશે. તે સ્પષ્ટ છે કે ભવિષ્યમાં વ્યાજદરમાં વધુ વધારો થઈ શકે છે.

## હવે જન્મ પ્રમાણપત્ર ઓલ ઈન વન બનાશે : સંસદમાં વિધેયક રજુ

(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી તા.૨૭

બાળકનું શાળાનું એડમીશન હોય કે પછી તમારૂ ડ્રાઈવીંગ લાયસન્સ કઢાવ્યું હોય કોઈપણ સરકારી કામકાજ કે નોકરી માટે ઢગલાબંધ દસ્તાવેજો જેમકે આધાર, સ્કુલ લીવીંગ, બર્થ સીટી વગેરેને બેઝીક ગણી શકાય તેવા ડોકયુમેન્ટ આપવા પડે છે. પાસપોર્ટ માટે પણ તેવીજ સ્થિતિ છે પણ જેમ સરકારે આધારથી અનેક નાના મોટા ડોકયુમેન્ટની આવશ્યકતા નહી હોવાનો સીલસીલો શરૂ કર્યો છે પણ હવે સરકાર બર્થ સર્ટીફીકેટને બેઝીક ડોકયુમેન્ટ તરીકે અને ઓલ-ઈન-વન તરીકે ઉપયોગમાં લઈ શકાય તેવા એક કાનૂની ખરડા સાથે લોકસભામાં આવી છે. સરકાર હવે જન્મ-મરણના રજીસ્ટ્રેશનને એક પરફેકટ ડોકયુમેન્ટ તરીકે બનાવવા આગળ વધી રહી છે અને આ માટે એક ડીજીટલ ડેટાબેઈજ તૈયાર થશે અને તેમાં બર્થ સર્ટી.ને બેઝીક ડોકયુમેન્ટ તરીકે ગણીને તમારે આ એક માન્ય દસ્તાવેજથી જ બાળકને શાળામાં, કોલેજમાં એડમીશન-આધારકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાસપોર્ટ વગેરે મળી જશે. સરકારે લોકસભામાં રજીસ્ટ્રેશન ઓફ બર્થ એન્ડ ડેથ (સુધારા) એકટ ૨૦૨૩ રજૂ કર્યા છે. જો કે વિપક્ષે આ ખરડાનો વિરોધ કરીને તેને વ્યક્તિગત ગુપ્તતાના અધિકારના ભંગ સમાન ગણાવ્યું હતું. આ ખરડાહેઠળ બાળકના જન્મની નોંધ કરાવવા માતા-પિતાના 'આધાર'ની માહિતી આપવી પડશે અને પછી જે કેસ બનશે તે નેશનલ ડેટાબેઈઝ હશે. હાલ આ સ્થિતિ ફકત રાજયકક્ષાએ છે અને તેજ રીતે મૃત્યુ સમયે જે તે ડેટામાં આધારકાર્ડના આધારે નોંધણી થતા જ તે વ્યક્તિની ડેટા સામે મૃત્યુ નોંધ થઈ જશે જે પછી કદી લાઈવ-ડેટા તરીકે ઉપયોગમાં લઈ શકાશે નહી. આ તમામ પ્રક્રિયા ડીજીટલ અને ઈલેકટ્રોનિકસ મોડમાં હશે અને તેમાં સર્ટીફીકેટ ઈસ્યુ કરવા માટે કોઈ ચાર્જ લેવાશે નહી. આ એક જ રજીસ્ટ્રેશન દેશની સાચી જનસંખ્યા જ નહી પણ અનેક પ્રકારના વિશ્લેષણ થઈ શકે તેવા ડેટા પણ મળશે.

## મણિપુર મામલે સંસદમાં ધમાલ યથાવત : લોકસભા બપોર સુધી સ્થગીત : રાજયસભામાં વડાપ્રધાન વિરૂધ્ધ સુત્રોચ્ચાર

(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી તા.૨૭

મણિપુર હિંસા મામલે આજે પણ સંસદના બંને ગૃહોમાં ભારે હોબાળો થયો હતો. લોકસભા શરૂ થતાં જ વિપક્ષે સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા. જેના કારણે માત્ર ૬ મિનિટ પછી જ સ્પીકર ઓમ બિરલાએ કાર્યવાહી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી હતી.

બીજી તરફ વિપક્ષના સાંસદો પ્લેકાર્ડ લઈને રાજ્યસભામાં પહોંચ્યા હતા અને વડાપ્રધાન ગૃહમાં આવો, ગૃહમાં આવીને કંઈક તો બોલો, વડાપ્રધાન મૌન તોડો... જેવા નારા લગાવ્યા હતા. આ જોઈને એનડીએના સાંસદોએ મોદી...મોદી...ના નારા લગાવવાનું શરૂ કર્યું, તો વિપક્ષોએ INDIAના નારા લગાવ્યા હતા.

સંસદમાં ચોમાસુ સત્રનો આજે છઠ્ઠો દિવસ છે. વિપક્ષ આજે ફરી એકવાર મણિપુર હિંસાનો મુદ્દો ઉઠાવ્યો. વિપક્ષે માંગ કરી છે કે આ મુદ્દે ગૃહમંત્રી અમિત શાહે નહીં પણ ગૃહમાં વડાપ્રધાને નિવેદન આપવું જોઈએ.

### અમદાવાદમાં વધુ એક નબિરાનું કારસ્તાન બહાર આવ્યું

## દારૂ પીને ભાન ભુલેલો છાકટો યુવાન બીએમડબલ્યુ કાર લઈને નિકળ્યો, રસ્તામાં અનેક સ્થળે કાર અથડાવી

અમદાવાદ તા.૨૭

અમદાવાદ શહેરના ઈસ્કોન બ્રિજ પર થયેલા અકસ્માતમાં નિર્દોષ લોકોનાં મોત નીપજ્યાં હતાં. આ સમગ્ર કેસની તપાસ ચાલી રહી છે ત્યારે વધુ એક અકસ્માત અમદાવાદ શહેરમાં બન્યો છે. આ વખતે બીએમડબલ્યુ કારમાં યુવક વસ્ત્રાપુર તરફથી માણેકબાગ અને ત્યાંથી મણિનગર તરફ જઈ રહ્યો હતો. પરંતુ આ કાર ચલાવનાર યુવક ચિક્કાર હાલતમાં દારૂ પીધેલો હતો. તેણે રસ્તામાં અલગ અલગ જગ્યાએ કારને અથડાવી હતી. આખરે માણેકબાગ પાસે કાર અથડાઈ જતા તે નશાની હાલતમાં કારમાંથી બહાર આવ્યો હતો. આ સમગ્ર ઘટનાના વીડિયો જાગૃત નાગરિકોએ ઉતારી લીધા હતા.

હાલ આરોપીની સેટેલાઈટ પોલીસે ધરપકડ કરી છે, આ બનાવમાં આરોપી મણિનગરમાં રહેતો હોવાની વિગત સામે આવી છે અને દારૂ પીધેલા હોવાનો પણ ગુનો નોંધવામાં આવ્યો છે. આ બનાવમાં કોઈ પણ ભોગ બની શકત એવી સ્થિતિ હતી. અમદાવાદ શહેરમાં અકસ્માતોની જાણે વણજાર શરૂ થઈ હોય તેવી સ્થિતિ છે. પોલીસ દ્વારા અલગ અલગ ડ્રાઈવ અને વ્યવસ્થા કરવાની વાતો કરવામાં આવે છે. પરંતુ પીધેલા લોકો ગમે ત્યાંથી નીકળી જાય છે અને આવું જ ગતારાત્રે બન્યું હતું. અમદાવાદ શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાંથી બીએમડબલ્યુ લઈને નીકળેલો એક યુવક સેટેલાઈટ તરફ આગળ વધ્યો અને તે માણેકબાગ પહોંચે તે પહેલાં રસ્તામાં તેણે ઘણી જગ્યાએ પોતાની કાર અથડાવી હતી. પરંતુ માણેકબાગ પાસે તેમની કાર ધડાકાભેર રેલિંગ સાથે અથડાઈને રોકાઈ ગઈ હતી.

મોડીરાતે થયેલો અકસ્માત હોવાથી રસ્તા પર ખૂબ ઓછા લોકો હતા. પરંતુ અકસ્માત થતા આસપાસના લોકો ભેગા થયા હતા ત્યારે કારની અંદર ચિક્કાર દારૂ પીધેલો યુવક બહાર આવ્યો અને તેને જરા પણ ભાન ન હોય તેવી સ્થિતિ હતી. આ બનાવ બન્યો ત્યારે આસપાસના લોકોએ વીડિયો પણ ઉતાર્યો હતો અને સ્થાનિક પોલીસને જાણ કરતાં પોલીસ ત્યાં પહોંચી હતી. પોલીસને જાણવા મળ્યું કે, આ વ્યક્તિનું નામ કમલેશ બિશ્નોઈ છે અને મણિનગરનો રહેવાસી છે. આ અંગે સેટેલાઈટ પોલીસે તેની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે વસ્ત્રાપુર પોલીસે પણ આરોપી સામે ગુનો નોંધ્યો છે.





વેચવાનો છે

ઔદ્યોગિક હેતુવાળા ૨૪૪૮ ચોરસ વાર પ્લોટ, જય ભૂવનેશ્વરી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સાબલપુર, જૂનાગઢ (૨૨ હોર્સ પાવર સાથે)
મળો : જયેન્દ્રભાઈ
મો. ૯૮૨૫૨ ૨૦૧૪૮

લેવા-વેચવા

લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફલેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો

મયંક એસ્ટેટ બ્રોકર
રસિકભાઈ પટેલ
મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...


C M Y K

## નવી શિક્ષણ નીતિથી વિદ્યાર્થીઓને ગોખણપટ્ટી નહીં કરવી પડે, કૌશલ્યો સંવર્ધનને પ્રાધાન્ય

# નવી શિક્ષણનીતિના ત્રણ વર્ષ પૂર્ણ: ૧૦ ૨ ૩ ની જગ્યાએ ૫ ૩ ૩ ૪ મુજબના અભ્યાસક્રમ કેન્દ્રીય વિદ્યાલયોમાં અમલી

## છ વર્ષ પૂર્ણ કર્યે બાળકને ધો - ૧ પ્રવેશ અપાશે : શાળાના વાતાવરણ માટે અનુકૂલન સાધવા માટે ત્રણ વર્ષ સુધી બાલવાટિકામાં રહેશે




જૂનાગઢ, તા.૨૭

દેશની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિથી વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીમાંથી મુક્તિ અપાવશે. સાથે જ વિદ્યાર્થીઓ શિક્ષણને રચનાત્મક રીતે પ્રાપ્ત કરે અને નિયત અભ્યાસક્રમની સાથે રુચિ મુજબના વિષયો અને કૌશલ્યમાં મહારત હાંસલ કરે તેવી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦નાં ત્રણ વર્ષ પૂર્ણ થતાં નવી શિક્ષણનીતિથી અવગત કરાવતા કેન્દ્રીય વિદ્યાલયના આચાર્ય પવનકુમાર સુથાર અને નવોદય વિદ્યાલયના આચાર્ય વિનોદકુમાર લેવેએ જણાવ્યું કે વર્ષ-૨૦૩૦ સુધીમાં ધો-૧ થી ૧૦માં ૧૦૦ નામાંકન થાય તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. હાલમાં ૧૦ ૨ ૩ મુજબ શૈક્ષણિક માળખાનું વર્ગીકરણ થયેલ છે. તેને હવે ૫ ૩ ૩ ૪ મુજબ અમલી બનાવવામાં આવ્યું છે. ઉપરાંત શાળાના વાતાવરણ સાથે બાળકો અનુકૂલન શોધી શકે તે માટે તેમને ત્રણ વર્ષ થયાથી બાલ વાટિકામાં પ્રવેશ આપવામાં આવશે. આમ, બાળક ૬ વર્ષનું થયા પછી ધો-૧માં પ્રવેશ આપવામાં આવશે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મુજબ વિદ્યાર્થીઓ, રમત, વાર્તા અન્ય શૈક્ષણિક ઉપકરણો ઉપરાંત શિક્ષક અને વિદ્યાર્થીના વચ્ચે જોડાણ સ્થાપિત થાય તેવી રીતે શિક્ષણ કાર્ય કરવા પર ભાર આપવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ પોતાની રૂચી મુજબના વિષયોનો અભ્યાસ કરી શકે તેની પણ છૂટ આપવામાં આવી છે ઉપરાંત ભવિષ્યમાં જે ક્ષેત્રમાં તક રહેલી છે, તેવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વગેરે જેવી બાબતોના કૌશલ્યો વિદ્યાર્થીઓ શીખી શકે તેને આ શિક્ષણનીતિ હેઠળ વણી લેવામાં આવ્યાં છે.

આમ, નવી શિક્ષણ નીતિમાં કૌશલ્યવર્ધન ઉપર ભાર આપવામાં આવ્યો છે. જેથી બેરોજગારીની સમસ્યા પણ હાલ થશે. ઉપરાંત ભારત વિકાસશીલ રાષ્ટ્રમાંથી વિકસિત રાષ્ટ્ર બનવા તરફ આગળ વધશે. નવી શિક્ષણનીતિમાં વિદ્યાર્થીઓમાં દક્ષતા કેળવાય અને અનુભવ આધારિત શિક્ષણ મળે તેના ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ઉપરાંત વિદ્યાર્થીઓ હિન્દી, અંગ્રેજી ઉપરાંત સ્થાનિક ભાષામાં પણ શિક્ષણ મેળવી શકશે. હાલમાં નવી શિક્ષણ નીતિને કેન્દ્રીય વિદ્યાલયો અને નવોદય વિદ્યાલયમાં લાગુ કરવામાં આવી છે. જેને તબક્કાવાર રાજ્યસ્તરે પણ લાગુ કરવામાં આવશે. જો કે, નવી શિક્ષણ નીતિની અમુક બાબતોની અમલવારી થઈ ચૂકી છે. તેમ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારોને જાણકારી આપતા કેન્દ્રીય વિદ્યાલયના આચાર્ય પવનકુમાર સુથાર અને નવોદય વિદ્યાલયના આચાર્ય વિનોદકુમાર લેવેએ ઉમેર્યું હતું.

## કેશોદના કોલેજ રોડ ઉપર ત્રિપલ અકસ્માત સર્જાયો સાત લોકો ઘાયલ બન્યાં



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૭

કેશોદના કોલેજ રોડ ઉપર દશામાની મૂર્તિનું વિસર્જન કરવા જઈ રહેલાં ભાવિકો ભક્તોનાં સરઘસ પાસેથી એસટી બસ ગાંધીનગર-કેશોદ રજીસ્ટ્રેશન નંબર જીજે-૧૮-ઝેડ-૩૧૦૦ રોગ સાઈડમાં લેતાં સામેથી આવતી ફોરવ્હીલ કાર મારૂતિ ઝેન અથડાઈ હતી. ત્યારે પાછળ આવી રહેલાં હોન્ડા સ્પેલન્ડર રજીસ્ટ્રેશન નંબર જીજે-૧૧-બીકે-૩૮૯૬, સીબીઝેડ રજીસ્ટ્રેશન નંબર જીજે-૧૧-એસી-૩૩૪૦, હોન્ડા સ્પેલન્ડર રજીસ્ટ્રેશન નંબર જીજે ૧૧-સીજે-૯૭૨૧ ત્રણ બાઈકચાલકો ફોર વ્હીલ કારમાં ઘુસી ગયા હતા. કેશોદના કોલેજ રોડ ઉપર સર્જાયેલા અકસ્માતમાં સાત ભક્તો ઈજાગ્રસ્ત હાલતમાં કેશોદ સબ ડિસ્ટ્રીકટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારે ચાર ગંભીર હાલતમાં જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવેલ છે. કેશોદના કોલેજ રોડ ઉપર છાશવારે આકસ્મિક ઘટનાઓ બનેછે ત્યારે નિર્દોષ વાહનચાલક કે રાહદારી ઈજાગ્રસ્ત બનવા ઉપરાંત જીવપણ ગુમાવે છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા ફુવારા ચોકથી અક્ષયગઢ સુધી ડબલ ટ્રેક રોડ બનાવવામાં આવે તો આકસ્મિક ઘટનાઓ બનતી અટકાવી શકાય તેમ છે. કેશોદના અજાબ મેંદરડા રોડ ઉપર આકસ્મિક ઘટના બનતાં ટોળાં ઉમટી પડ્યા હતાં અને કેશોદ પોલીસ દ્વારા ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે. કેશોદના ચાર ચોક વિસ્તારમાં અંડરબ્રીજનું કામ ચાલુ હોય શહેરનાં અન્ય વિસ્તારોમાં ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે ત્યારે આયોજન કરવામાં આવશે નહીં તો આવનારાં દિવસોમાં ગંભીર આકસ્મિક ઘટના બનશે તો નવાઈ નહીં રહે.

## સમસ્ત પ્રજાપતિ સમાજ દ્વારા શનિવારથી સતાધાર આપાગીગાની જગ્યામાં દ્વિદિવસીય ધર્મોત્સવ

### ધ્વજાજી મનોરથ, સંતવાણી, મહાપ્રસાદ સહિતનું પૂ. વિજયબાપુનાં સાંનિધ્યમાં આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

સમસ્ત પ્રજાપતિ સમાજ દ્વારા આગામી તા. ૨૯ અને ૩૦ શનિવાર અને રવિવાર એમ બે દિવસ સુધી પૂ. આપાગીગાની જગ્યા સતાધાર ખાતે ધ્વજાજી મનોરથ મહોત્સવનું પૂ. વિજયબાપુનાં સાંનિધ્યમાં આયોજન કરાયું છે. જેમાં શનિવારનાં રોજ સતાધાર હેલીપેડ ગ્રાઉન્ડ રેલ્વે ફાટક પાસે સાંજે ૬.૩૦ કલાકે ભોજન સભારંભ અને રાત્રે સંતવાણી લોકડાયરો પણ આજ સ્થળે યોજાશે. જેમાં ધીરૂભાઈ સરવૈયા, લાખણશીભાઈ ગઢવી, પરસોતમપરી ગોસ્વામી, શૈલેષ મહારાજ સહિતના કલાકારો પોતાની કલારસ પીરસશે અને કાર્યક્રમનું સંચાલન દેવદાનભાઈ ગઢવી કરશે. તેમજ રવિવારનાં રોજ સવારે ૭ કલાકે ધ્વજાપૂજન અને ૮ કલાકે ધર્મસભામાં સંતો-મહંતો પધરામણી કરી આર્શિવચન આપશે અને ૮.૩૦ કલાકે ધ્વજાજીની શોભાયાત્રા અને ૧૧ કલાકે પૂ. આપાગીગાની જગ્યા સતાધારના શિખરે ધ્વજાજી આરોહણ કરવામાં આવશે. આ સમારંભમાં રાજયસભાના સાંસદ પ્રજાપતિ અગ્રણી દિનેશભાઈ અનાવડીયા તેમજ જૂનાગઢના પૂર્વ મેયર ધીરૂભાઈ ગોહેલ સહિતના ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પૂ. વિજયબાપુ ગુરૂશ્રી જીવરાજ બાપુના માર્ગદર્શન હેઠળ મહોત્સવ સમીતી જહેમત ઉઠાવી રહી છે.

## જૂનાગઢ જીલ્લામાં કન્જક્ટિવાઈટિસના કેસોમાં સતત વધારો

### જૂનાગઢ જીલ્લામાં નાનાથી લઈને મોટા સુધીના લોકો આ રોગનો ભોગ બની રહ્યા છે

જૂનાગઢ તા.૨૭

તાજેતરના ભેજવાળા વાતાવરણના કારણે જૂનાગઢ શહેર અને જીલ્લામાં ઠેર-ઠેર કન્જક્ટિવાઈટિસના કેસ જોવા મળી રહ્યા છે. જૂનાગઢ શહેર અને જીલ્લામાં નાનાથી લઈને મોટા સુધીના લોકો આ રોગનો ભોગ બની રહ્યા છે. સિવિલ હોસ્પિટલમાં જ અનેક કેસો કન્જક્ટિવાઈટિસના નોંધાયા છે. ખાનગી શાળાઓમાં તો આ કેસના મામલે વિદ્યાર્થીને તરત જ ઘેર મોકલી દેવાય છે અને હવે મ્યુનિસિપલ શાળાઓમાં પણ આ રોગે ફેલાવો કર્યો હોઈ તંત્ર પણ સાવધ બન્યું છે. જૂનાગઢ શહેર અને જીલ્લામાં સતત ભેજયુક્ત વાતાવરણના કારણે આંખના રોગ કન્જક્ટિવાઈટિસના કેસમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. સરકારી દવાખાના અને ખાનગી દવાખાનામાં લોકો આંખોની તકલીફની ફરિયાદો લઈને આવી રહ્યા છે. વિવિધ હોસ્પિટલની ઓપીડીમાં દર દસમાંથી સાતથી આઠ કેસ કન્જક્ટિવાઈટિસ એટલે કે 'અખિયાં મિલાકે'ના આવી રહ્યા છે.

આ દરમ્યાન જૂનાગઢ શહેર તેમજ જીલ્લાની શાળાઓમાં અખિયાં મિલાકેનો ચેપ ફેલાયો હોઈ આ ચેપનો ભોગ બનેલાં બાળકોને શાળામાં બે દિવસ રજા આપવાની માગણી કરી છે. આ ઉપરાંત કન્જક્ટિવાઈટિસનો ભોગ બનેલા શિક્ષકોને પણ ઓન ડ્યૂટી ગણી બે દિવસની રજા આપવા બાબતે માગણી કરાઈ છે. આ દરમ્યાન 'અખિયાં મિલાકે'નાં રોગગ્રસ્ત બાળકોને તત્કાળ ઘરે મોકલી દેવાની સૂચના શિક્ષકોને અપાઈ છે. આ રોગના ચેપથી બચવા શું કરવું અને શું ના કરવું વગેરે બાબતોને લગતો પરિપત્ર પ્રસિદ્ધ કરાશે.

આંખમાંથી પાણી પડવું, આંખ લાલ થવી, આંખમાં ચીપડા વળવા, આંખમાં દુખાવો અને પાંપણ પર સોજો આવે તેમજ યોગ્ય સારવારના અભાવે આંખની કીકી પર ચાંદી કે સોજો આવી જતાં દ્રષ્ટિને નુકસાન થાય છે. વરસાદમાં કપડાંમાં બેક્ટેરિયા મરી જાય તેવા લિક્વિડનો ઉપયોગ કરવો, ઘરમાં સૂકવેલાં કપડાં સંપૂર્ણ સુકાય તેની કાળજી રાખવી, દર્દીનાં કપડાં અલગ ધોવાં અને અલગ જગ્યાએ મૂકવાં, નિયમિત દવા નાખવી, આંખને વધુ અડકવું નહિ, નિયમિત દવાથી ત્રણ દિવસમાં રોગ કંટ્રોલમાં આવે અને અઠવાડિયામાં મટી શકે છે.

## નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કેસમાં એક વર્ષની સાદી કેદનો હુકમ આપતી નામદાર અદાલત

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢનાં ત્રીજા અધિક ચીફ જયુડી મેજી.ની કોર્ટમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ અંતર્ગત ગુના અંગેની કોર્ટ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ફરીયાદ પક્ષો ગુજરાત સ્ટેટ કો.ઓ. એગ્રીકલ્ચર રૂલ્સ બેંક લી. જૂનાગઢ શાખાના ઓથોરાઈઝડ અશ્વીન શાંતિલાલ પંડયા રહયા હતાં. જયારે શ્રી રામદેભાઈ દેવસીભાઈ કડેગીયા રહે. કડેસી, તા. કુતિયાણાવાળા વિરૂધ્ધ નેગોશીએબલ એકટ અંતર્ગત કાર્યવાહી હાથ ધરાય હતી. અનો કોર્ટ કાર્યવાહી દરમ્યાન બંનો પક્ષોની દલીલ સાંભળી ત્રીજા અધિક જયુડી. મેજી. હિતેશ તનસુખભાઈ ધોળકીયાએ આ કેસનો ચુકાદો જારી કરી વળતર પેટે રૂા. ૧૯,૨૦,૬૦૦ પુરા ૩૦ દિવસમાં ચુકવી આપવા અને જો આરોપી વળતરની રકમ ન ચુકવે તો વધુ ત્રણ માસની સજા ભોગવવાનો હુકમ જારી કરવામાં આવેલ હતો.

## માણાવદરમાં પીએસઆઈ બારોટની ટ્રાફીક ડ્રાઈવમાં શ્રેષ્ઠ કામગીરી




(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૨૭

માણાવદર શહેમાં નવનિયુકત પીએસઆઈ બારોટ તથા સ્ટાફ દ્વારા જીલ્લા પોલીસ વડાની સુચનાથી શહેરમાં કાયદો વ્યવસ્થા જળવાય તથા આમ જનતાને અગવડતા ના પડે તેવા હેતુથી વિવિધ કામગીરી હાથ ધરાઈ છે. જેમાં ટ્રાફીક ડ્રાઈવ શાકમાર્કેટ, પોસ્ટ ઓફીસ રોડ, સિનેમા રોડ સહિત જાહેર માર્ગો ઉપર રહેલા આડેધડ વાહન તથા અડચણો દૂર કરીને શ્રેષ્ઠ કામગીરી કરી છે. બે ગાડી ડીટેઈન કરી બે દિવસમાં રૂા. ૫૭૦૦નો દંડ વસુલ કરેલ છે.

## માંગરોળ બંદર ખાતે આવેલ કોલ્ડ સ્ટોરેજમાં મોડી રાત્રે આગ લાગી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

કેશોદ નગર પાલિકા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ કન્ટ્રોલ રૂમ ખાતે રાત્રે ૧:૩૦ કલાકે માંગરોળ બંદર ખાતે કોલ્ડ સ્ટોરેજમાં આગ લાગવાની જાણકારી મળતા ૨ (બે) ફાયર ફાઈટર અને ફાયર સ્ટાફ ઘટના સ્થળે પહોચી ૪ (ચાર) કલાકની જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવી લીધેલ હતું. સદનસીબે કોઈ જાનહાનિ થયેલ નથી. આગને કાબુમાં લેવા સમયસર ઝડપી કાર્યવાહી કરવામાં આવી હતી.

## જૂનાગઢ : હત્યાના કેસમાં શંકાનો લાભ આપી છોડી મુકવા હુકમ

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢ સેશન્સ કોર્ટમાં હત્યાના એક કેસ અંગે સુનાવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જેમાં શંકાનો લાભ આપી છોડી મુક્વાનો હુકમ કરવામાં આવેલ છે. જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ખડીયા ગીરનારી આશ્રમ ખાતે રહેતા નાંદુબેન હરીશભાઈ અરજણભાઈ મણવર (ઉ.વ. ૫૦) વિરૂધ્ધ ૩૦૨, ૨૦૧ અને જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ થયો હતો. આ કેસની સુનાવણી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. જેમાં બચાવ પક્ષનાં વકીલ જે.ડી. ગોરસીયાની દલીલોને ગ્રાહય કરી અનો નાંદુબેન હરીશભાઈ મણવરને શંકાનો લાભ આપી છોડી મુક્વાનો હુકમ સેશન્સ જજ હેમંતકુમાર અરવિંદરાય દવેએ કર્યો છે.

## માણાવદર વિસ્તારમાં અતિવૃષ્ટીથી થયેલ નુકશાનીનું વળતર આપવા ધારાસભ્ય લાડાણીની માંગણી

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૨૭

માણાવદર પંથકમાં પહેલા બીપોરજોય વાવાઝોડાએ નુકશાની કરી બાદ સતત ભારે વરસાદ અને ઉપરથી ઓઝત અને ભાદરના પુર પાણીથી સમગ્ર વિસ્તારમાં ખેતીને નુકશાન થયેલ છે. અને પાક ૬૦ ટકા નિષ્ફળ ગયેલ છે માણાવદર, વંથલી, મેંદરડાને લીલો દુકાળ જાહેર કરી એક હેક્ટર દીઠ રૂા. ૩૦ હજાર સહાય આપવા તેમજ પુર પાણીથી થયેલ ઘરોમાં તથા ઘરવખરીમાં થયેલ મોટાપાયે નુકશાનીમાં વળતર આપવા ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણીએ મુખ્યમંત્રી, પૂર્વ કેબીનેટ મંત્રી જવાહરભાઈ ચાવડા, કૃષિ મંત્રી સહિતનાને કરી છે.

## લોએજ ગામે આધેડ ડુબી ગયાની આશંકા સાથે શોધખોળ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૭

માંગરોળ તાલુકાના લોએજ ગામે મજુરીકામ કરતા અને એકલવાયું જીવન જીવતા આધેડ પાણીના ખાડામાં ગરક થઈ ગયા હોવાની આશંકા બાદ તંત્ર અને તરવૈયાઓ દિનભરની જહેમત છતાં મોડી સાંજ સુધી તેઓની કોઈ ભાળ મળી ન હતી. લોએજ ગામે એકલા રહેતા તુલસીભાઈ ઉકાભાઈ રાઠોડ નામના વ્યક્તિ સવારે ગુમ થયા હતા. માંગરોળ-પોરબંદર હાઈવે પાસે વર્ષો પહેલાં ખાણ હતી. હાલ તે જગ્યાએ મોટા ખાડામાં વરસાદી પાણી ભરાયું છે. અહીં તેઓના કપડાં, ચપ્પલ અને સાયકલ જોવા મળ્યાં હતાં. ગામના કેટલાક લોકોએ તેઓને ત્યાં નહાતા જોયા હોવાનું જણાવ્યું હતું. પરંતુ ત્યારબાદ તેઓનો કોઈ પત્તો ન હતો. ગ્રામજનોએ ગામમાં પણ શોધખોળ હાથ ધરી હતી. પરંતુ મળી આવ્યા ન હતા. પાણીમાં જ ડુબી ગયા હોવાની આશંકા વ્યક્ત કરી ગામલોકો એકત્ર થયા હતા. આ અંગે તંત્રને જાણ કરતા મામલતદાર હંસરાજસિંહ ગોહિલ ઘટના સ્થળે દોડી ગયા હતા. ત્યારબાદ કેશોદ ન.પા.ના ફાયર બ્રિગેડની મદદ લેવાઈ હતી. આ ઉપરાંત કુશળ તરવૈયાઓએ પણ પાણી ફંફોળી નાંખ્યા હતા. પરંતુ કલાકોની જહેમત બાદ પણ કોઈ પત્તો લાગ્યો ન હતો.

## માણાવદરના બોડકા સીમ વિસ્તારમાં ઈકલેકટ્રીક શોકથી બાળાનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

માણાવદર તાલુકાના બોડકા ગામની સીમમાં હાલ રહેતા વાલમભાઈ હલીયાભાઈ ડામોરની પુત્રી શારદાબેન વાલમભાઈ ડામોર (ઉ.વ.૧૨)ને સ્વામીના બોડકા ગામની સીમામાં આવેલી વાડીએ ઈલેકટ્રીક મોટરના વાયરમાંથી શોક લાગતા તેઓનું મૃત્યું થયું છે. માણાવદર પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે.


## દ્વારકામાં તહેવારોને અનુલક્ષી બેઠક યોજાઈ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૭

ઓખામાં એએસપી રાઘવ જૈનની અધ્યક્ષતામાં હિન્દુ-મુસ્લીમનાં તહેવારોને લઈને શાંતિ જળવાઈ રહે તે માટે વિવિધ સમાજો સાથે મિટીંગ ઉપરાંત સંવેદનશીલ એરિયા અને તાજીયાના રૂટ ઉપર ફુટપેટ્રોલિંગ હાથ ધરાયું હતું.



### :: જાહેર નોટીસ ::

જૂનાગઢમાં દાતાર રોડ વિસ્તારમાં મયુરભાઈ હસમુખભાઈ ખખ્ખર મો. ૯૯૨૪૫ ૩૬૯૦૦ને આથી જાહેર નોટીસથી જણાવવાનુ કે તેમની માલીકીના દાતાર રોડમાં આવેલા દુકાનમાં અમારા અસીલો (૧) યુનુસખાન હાજીસરીફખાન (ઈન્ડીયા ઓટો ઈલે.) (૨) રાજેશભાઈ ભગવાનજીભાઈ પિત્રોડા (પિત્રોડા એસેસરીઝ) રહે બંને જૂનાગઢે નીચેની દુકાનો જર્જરીત ન હોવા છતાં અને કોર્પોરેશને તે ઉતારવાનો આદેશ કરેલ ન હોવા છતાં મકાન માલીક પોતાનો ભયજનક ભાગ ઉતારવાની સાથોસાથ દુકાનોને પણ નુકસાન કરવા માંગે છે આથી આ જાહેર નોટીસ આપીને જણાવવાનુ કે કોર્પોરેશને દુકાનો ઉતારવાની નોટીસ આપી નથી આથી દુકાનને નુકસાન કર્યા વગર ઉપરનો માળ ઉતારી લેશો પરંતુ દુકાન તોડવાનો પ્રયાસ કરશો તો દિવાની અને ફોજદારી પગલા અમારા અસીલો લેશે જેની આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. અને દુકાનો સંપૂર્ણ પણે સુરક્ષિત છે અને બધી જ રીનોવેશન કરેલી છે અને કોઈપણ રીતે જરા પણ ભયજનક નથી જે આથી જાણ કરવામાં આવે છે.

તા.૨૭/૭/૨૦૨૩
જૂનાગઢ

સહી : અવાચ્ય
કિરીટ બી. સંઘવી
(એડ્વોકેટ) જૂનાગઢ
તેઅસીલની રૂબરૂ સુચનાથી

### :: જાહેર નોટીસ ::

જૂનાગઢમાં કડીયાવાડ શાકમાર્કેટ વિસ્તારમાં નિલેશભાઈ મનાજીભાઈ સુબા મો. ૮૪૦૧૮ ૨૦૩૬૧ને આથી જાહેર નોટીસથી જણાવવાનુ કે તેમની માલીકીના કડીયાવાડમાં આવેલા મકાનમાં અમારા અસીલો (૧) વિનોદભાઈ વ્રજલાલ હિંન્ડોચા (કનૈયા પ્રોવીઝન) (૨) દિલીપભાઈ બચુભાઈ સુવા (પંચામૃત ઘી સેન્ટર) (૩) કારીબેન કાળાભાઈ બાટવા (મારૂતી પાન સેન્ટર) (૪) મનીષભાઈ (સાંઈનાથ ફુટવેર) તે તમો નં. ૧ના ભાડુત તથા નાયનાબેન ચંદુભાઈ રાજપોપટ જે આ દુકાનોની બાજુમાં માલીકી ધોરણે દુકાન ધરાવે છે. નીચેની દુકાનો જર્જરીત ન હોવા છતાં અને કોર્પોરેશને તે ઉતારવાનો કોઈ આદેશ કરેલ ન હોવા છતાં મકાન માલીક પોતાનો ભયજનક ભાગ ઉતારવાની સાથો સાથ ભાડુતો અને માલીકીની દુકાનોને પણ નુકસાન કરવા માંગે છે આથી આ જાહેર નોટીસ આપીને જણાવવાનુ કે કોર્પોરેશને દુકાનો ઉતારવાની નોટીસ આપી નથી આથી દુકાનને નુકસાન કર્યા વગર ઉપરનો માળ ઉતારી લેશો પરંતુ દુકાન તોડવાનો પ્રયાસ કરશો તો દિવાની અને ફોજદારી પગલા અમારા અસીલો લેશે જેની આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. અને દુકાનો સંપૂર્ણ પણે સુરક્ષિત છે અને બધી જ રીનોવેશન કરેલી છે અને કોઈપણ રીતે જરા પણ ભયજનક નથી જે આથી જાણ કરવામાં આવે છે.

તા.૨૭/૭/૨૦૨૩
જૂનાગઢ

સહી : અવાચ્ય
કિરીટ બી. સંઘવી
(એડ્વોકેટ) જૂનાગઢ
તેઅસીલની રૂબરૂ સુચનાથી

### :: અવસાન નોંધ ::

જૂનાગઢ : ચંદ્રકાંતભાઈ નાનાલાલ ગઢીયા (ઉ.વ. ૭૦) તે ગો.વા. નાનાલાલભાઈ માધવજીભાઈ ગઢીયા (ભલગામવાળા)નાં સુપુત્ર, હરીલાલ, સ્વ. પ્રાણસુખભાઈ, લીલાવંતીબેન ભુપેન્દ્રકુમાર શીંગાળા, ભાનુબેન રમેશકુમાર ખીમાણીના ભાઈ, પિયુષભાઈ, આશાબેન પારસકુમારના પિતા, સ્વ. વલ્લભદાસ નાનજીભાઈ સાદરાણી (રાણપુરવાળા)ના જમાઈનું તા. ૨૬-૭-૨૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૭-૭-૨૩ ગુરૂવારનાં રોજ સાંજે ૪ થી ૫.૩૦ લોઢીયા વાડી, ઉપરનો વિભાગ, જલારામ સોસાયટી, જયશ્રી ફાટકની પાસે, જૂનાગઢ ખાતે રાખેલ છે.

રાજયનાં મત્સ્ય ઉદ્યોગ વિભાગ દ્વારા

# માચ્છીમારોને બોટ વેરીફીકેશન કરવાનાં પરીપત્રનો ભારે વિરોધ : ઉચ્ચકક્ષાએ રજૂઆત

પોરબંદર, તા.૨૭

તાજેતરમાં ગુજરાત રાજયના મત્સ્ય ઉદ્યોગ દ્વારા એક પરીપત્ર જારી કરી અને રાજયની તમામ માચ્છીમારી બોટોને ૧૫ દિવસમાં માચ્છીમારી બોટની વેરીફીકેશનની કાર્યવાહી કરવા સુચના આપેલછે. જયારે આ પરીપત્રાનો ગુજરાતના માચ્છીમાર મહા મંડળો દ્વારા વિરોધ થઈ રહ્યો છે.

શ્રી માચ્છીમાર જાગૃત મંડળ પોરબંદર દ્વારા ફિશરીઝ વિભાગના સચિવ કમ કમિશ્નરને એક પત્ર પાઠવી અને બોટોના વેરીફીકેશન અંગેના તાજેતરના બહાર પાડવામાં આવેલા પરીપત્ર સામે પ્રતિક્રિયા આપી છે તેમજ સિઝન ચાલુ થવાના ૧૫ દિવસ પહેલા જ માચ્છીમારોને વેરીફીકેશના બહાને પરેશાન કરવામાં આવી રહ્યા છે ત્યારે તેનો વિરોધ કરવામાં આવેલ છે અને આ બાબતે જરૂર જણાય કાનુની કાર્યવાહી કરવાની ફરજ પડશે તેમ પણ જણાવેલ છે. વધુમાં અખિલ ગુજરાત માચ્છીમાર મહા મંડળ દ્વારા પણ ભારતના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીને એક પત્ર પાઠવી આ બાબતે રજૂઆત કરવામાં આવી છે અને જણાવેલ છે કે, ગુજરાત રાજયના મત્સય ઉદ્યોગ વિભાગ દ્વારા તા.૧૩/૭/૨૦૨૩ના એક પરીપત્ર બહાર પાડી ગુજરાત રાજયની તમામ માચ્છીમારી બોટોને દિવસ ૧૫ એટલે કે, તા.૧૫/૭/૨૦૨૩થી તા.૩૦/૭/૨૦૨૩ સુધીમાં પોતાની માચ્છીમારી બોટની ભૌતીક માપસાયઝ અને અન્ય વિગતોની ખરાઈ કરાવી લેવા જણાવેલ છે અને જો આવું કરવામાં નહીં આવે તો દરીયામાં માચ્છીમારી માટે જવાની મંજુરી આપવામાં નાહીં આવે તેમજ સારકારશ્રી દ્વારા મળતા કોઈપણ લાભ આપવામાં નહીં આવે તેવા તખલખી પરીપત્ર અંગે આ પત્રામાં વિરોધ દર્શાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, ગુજરાત રાજયમાં ૧૫ હજાર જેટલી નોંધાયેલી માચ્છીમારી ફીશીંગ બોટો છે અને આ તમામ બોટોની ભૌતીક ખરાઈ માટે ઓછામાં ઓછા ૪ થી ૫ મહિના લાગે તેમ છે અને ટુકાગાળામાં કોઈકાળે શકય નથી. વધુમાં માચ્છીમારોની સીઝન તા.૧/૮/૨૦૨૩થી શરૂ થતી હોય જેથી હાલ બોટોમાં રીપેરીંગ કામ ચાલી રહ્યું છે ત્યારે અમોને આ રીતે હેરાન પરેશાન કરીને વેપાર રોજગાર ખોરવાઈ જાય તેવા હુકમો ગુજરાત રાજયના મત્સય ઉદ્યોગ દ્વારા કરવામાં આવેલ છે ત્યારે તેનો વિરોધ ઉઠયો છે આ બાબતો આપશ્રીનો રજૂઆત કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવી છે.

# વંથલી સરકારી કન્યા શાળામાં પાણી પડતું હોવાની ફરીયાદ : શહેર કોંગ્રેસ પ્રમુખે શાળાની મુલાકાત લીધી

## સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રીનોવેશન માટે મંજુર થયેલ રૂપિયા આઠ લાખ જેવી માતબર રકમ ક્યાં વાપરી : શહેર કોંગ્રેસ પ્રમુખ ઈરફાન શાહએ શૈક્ષણિક તંત્રને કર્યો વેધક સવાલ





(પ્રતિનિધિ દ્વારા)

વંથલી, તા.૨૮

તાજેતરમાં જૂનાગઢની જર્જરીત ઈમારત ધસી પડતા જે ગમખ્વાર ઘટના ઘટી તે સંદર્ભે સમગ્ર જૂનાગઢ જિલ્લામાં હાહાકાર છવાઈ ચૂક્યો છે ત્યારે હતાશા અને ડરના માહોલ વચ્ચે વહીવટી તંત્રની પણ આવડત ક્ષતિ થતી હોવાની રાવ અનેક જગ્યાએ ઉઠી છે, ત્યારે વંથલી શહેરની સરકારી કન્યા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓની ફરિયાદ સંદર્ભે વંથલી શહેર કોંગ્રેસ પ્રમુખ ઈરફાન શાહે આ શાળાની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. વર્ગ ખંડમાં પાણી પડતું હોય વરસતા વરસાદમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોવાનું અને ઉપરથી પોપડા પડવાનો ભય સતાવતો હોવાનું વિદ્યાથીઓ કાલીઘેલી ભાષામાં શહેર પ્રમુખ ઈરફાન શાહને ફરિયાદ કરી હતી જે અન્વયે શિક્ષકો દ્વારા સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રૂા.૮, ૦૦,૦૦૦ જેવી રકમ રીનોવેશન અર્થે ફાળવવામાં આવી હોવાનું એકરાર કરી કામ કરાવ્યું હોવા છતાં પાણી પડતું હોવાનો લૂલો બચાવ કરી ઉચ્ચકક્ષાએ લેખિતમાં જાણ કરશું તેમ જણાવ્યું હતું પરંતુ આ માતબર રકમ વાપરી ક્યાં એવો વેધક સવાલ શહેર કોંગ્રેસ પ્રમુખ ઈરફાન શાહએ કર્યો હતો અને શૈક્ષણિક સંકુલમાં થયેલ ભ્રષ્ટાચારના પોપડા ઉખેડવાની તૈયારીઓ આરંભી ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવનાર હોવાનું શહેર કોંગ્રેસ પ્રમુખ ઈરફાન શાહે જણાવ્યું હતું. હાલ ભારે વરસાદને કારણે સમગ્ર પંથકમાં ગાજવીજ સાથે વરસાદ ચાલુ હોય વિદ્યાર્થીઓનાં હિતમાં સત્વરે યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી માંગ વિદ્યાર્થીઓનાં વાલીઓ કરી રહ્યા છે. અન્યથા જે કંઈ ઘટના કે દુર્ઘટના સર્જાય તેની તમામ જવાબદારી શૈક્ષણિક તંત્રની રહેશે તેમ રોષ પુર્ણ રીતે જણાવ્યું હતું.

# પવિત્ર અધિક માસ શ્રાવણ માસમાં શ્રી હરિ કથા ઉત્સવ યોજાયો



જૂનાગઢ, તા.૨૭

શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢ ખાતે શ્રી હરિ કથા ઉત્સવ પવિત્ર અધિક માસ શ્રાવણ માસ ઉજવાઈ રહ્યો છે. સંતો ચેરમેન દેવનંદન સ્વામી, સ્વામી પ્રેમસ્વરૂપદાસજી, ભક્તિ સ્વામી વગેરેની ઉપસ્થિતિમાં શિવ ચરિત્ર કથા પરમ પૂજય શાસ્ત્રી સ્વામી સરજુદાસાનંદજી હરિભક્તોને પોતાની મધુર વાણીમાં સંભળાવી રહ્યા છે. કથાનું રસપાન કરવા સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના પૂર્વ પ્રમુખ છેલભાઈ જોશી, પૂર્વ પ્રમુખ પ્રફુલભાઈ ત્રિવેદી, જૂનાગઢ જિલ્લા ટ્રસ્ટી હસુભાઈ જોશી, પ્રફુલભાઈ જોશી, યોગેશભાઈ પુરોહિત, મુકેશભાઈ મહેતા, રવિભાઈ ઠાકર, ભરતભાઈ લખલાણી, શૈલેષ પંડ્યા વગેરેને સંતોએ આશીર્વાદ આપેલા તેમજ કથાની આરતીમાં પણ બધા જોડાયા હતા. પ્રવક્તા શૈલેષ પંડ્યાની યાદી જણાવે છે.

# માંગરોળમાં જર્જરીત ઈમારતોનું નિરીક્ષણ કરી નોટીસ અપાઈ





(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૨૭

માંગરોળમાં અનેક જુનવાણી ઈમારતો અત્યંત જર્જરિત હાલતમાં છે. અમુક મકાનોનો કેટલોક ભાગ ગમે ત્યારે ઘસી પડે તેવી સ્થિતિ છે. ત્યારે લોકોની સલામતી અને જાનમાલની નુકશાની ટાળવા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત નગરપાલિકાના વહિવટદાર પ્રાંત અધિકારી (કેશોદ), ચિફ ઓફીસર સહિતના અધિકારીઓ, એન્જિનિયર, સેનિટેશન હેડ સહિતનાએ જર્જરિત ઈમારતોનું સ્થળ નિરીક્ષણ કરી શહેરના ગાય ચોગાન, ધ્રુવ ફળીયું, કાજીવાડા, ચિકલી ચોક, મેમણવાડા, સૈયદવાડા, જુના બસ સ્ટેન્ડ સહિતના વિસ્તારોમાં આવેલી ૧૨ જેટલી જોખમી ઈમારતોના માલિકો તેમજ કર્તાહર્તા વ્યક્તિઓને નોટીસ આપી આ ઈમારતો ઉતારી લેવા સુચના આપી હતી. કેટલાક ભયજનક બિલ્ડિંગથી દુર રહેવા ચેતવણી આપતા સાઈન બોર્ડ પણ લગાડી દેવાયા હતા.

ઉનાના માણેકચોક વિસ્તારમાં સુન્ની યંગ કમિટી દ્વારા

# મોહરમના તહેવારને લઈને મીઝલસ તેમજ ન્યાઝના કાર્યક્રમનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૭

ઉના શહેરની વચ્ચોવચ આવેલ માણેકચોક વિસ્તારમાં મોહરમના તહેવારને લઈને સુન્ની યગ કમિટી દ્વારા તેમજ દાતાઓ દ્વારા મીઝાલસ ન્યાઝનો કાર્યક્રમ રાખવામાં આવે છે જેમાં રાત્રિ દરમ્યાન ૧૦:૦૦ વાગે મીઝલસ શરૂ થાય છે અને રાત્રે ૧૧:૩૦ વાગે પૂર્ણ થાય છે જેમાં મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં અહીં આવે છે ત્યારબાદ ન્યાઝનો કાર્યક્રમ થાય છે અને જેમાં ઓલ ગુજરાત ઘાંચી સમાજના પ્રમુખ યુસુફ સોરઠીયા હાજર રહે છે અને તેમાં ઘાંચી સમાજના આગેવાનો પણ હાજર રહે છે. સંપૂર્ણ માણેકચોક લાઈટોથી જગમગાતું કરવામાં આવે છે અને હિન્દુ સમાજના આગેવાનો પણ હાજરી આપે છે. આ સંપૂર્ણ કાર્યક્રમ દસ દિવસ ચાલતો હોય છે અને દશે દિવસ ન્યાઝ તેમજ મિજલસ થાય છે અને આ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવે છે.



સૌરાષ્ટ્રભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વધતી અર્થવ્યવસ્થાના સંકેત ભારત માટે સારા સમાચાર

આપણા દેશ માટે ખરેખર એ સારા સમાચાર છે કે ૨૦૨૨માં ભારતમાં ન માત્ર પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઈ)માં દસ ટકાનો વધારો થયો છે, બલ્કે ભારતે આ મામલે અમેરિકા, ચીન, બ્રિટન જેવા મોટા દેશોને પણ પાછળ મૂકી દીધા છે. વેપાર અને વિકાસ પર સંયુક્ત રાષ્ટ્ર સંમેલન (યુએનસીટીએડી)ના વર્લ્ડ ઈન્વેસ્ટમેન્ટ રિપોર્ટ અનુસાર, એક વર્ષ પહેલાંની તુલનામાં ૨૦૨૨માં દસટકાના વધારા સાથે ભારતમાં ૪૯ અબજ ડોલરનું પ્રત્યક્ષ વિદેશી રોકાણ આવ્યું, જ્યારે વિકસિત દેશોમાં ૩૭ ટકા ઘટાડા સાથે એફડીઆઇ ઘટીને ૩૭૮ અબજ ડોલર થઈ ગયું. તેની સાથે જ ભારત વિશ્વમાં નવી પરિયોજનાઓની જાહેરાત કરનારો ત્રીજો અને આંતરરાષ્ટ્રીય પરિયોજના વિત્ત સોદામાં બીજો સૌથી મોટો દેશ બની ગયો છે.

ગયા વર્ષે જે પાંચ દેશોમાં સૌથી વધારે લગભગ ૮૦ ટકા એફડીઆઈનો પ્રવાહ રહ્યો તેમાં ભારત, ચીન, સિંગાપોર, હોંગકોંગ અને સંયુક્ત અરબ અમીરાત સામેલ છે, પરંતુ ધ્યાન રહે કે સચીનમાં એફડીઆઈમાં માત્ર પાંચ ટકાનો વધારો થયો, સિંગાપોરમાં પાછલા વર્ષના મુકાબલે માત્ર આઠ ટકાનો વદારો થયો, હોંગકોંગમાં ૧૬ ટકાનો ઘટાડો નોંધવામાં આવ્યો અને સંયુક્ત અરબ અમીરાતમાં પણ એફડીઆઈમાં દસ ટકાનો વધારો નોંધવામાં આવ્યો. જ્યારે કુલ વૈશ્વિક એફડીઆઈમાં ૧૨ ટકાનો ઘટાડો નોંધવામાં આવે છે અને તે ઘટીને ૧.૩ લાખ કરોડ ડોલર રહી ગયું છે.

વૈશ્વિક અર્થવ્યવસ્થા યુક્રેન-રશિયા યુદ્ઘ અને તેનાથી પેદા થયેલ પરિસ્થિતિઓમાંથી હજુ ઉગરી નથી શકી, જે યુએનસીટીડીના રિપોર્ટથી સ્પષ્ટ છે. ખાવા-પીવાની ચીજો અને ઊર્જા કિંમતોમાં વધારો, વધતા જાહેર દેવાં અને વધતા ફુગાવાને કારણે વૈશ્વિક સ્તર પર મૌદ્રિક નીતિમાં સખ્તાઈને કારણે વૈશ્વિક એફડીઆઈમાં ઘટાડો નોંધવામાં આવ્યો છે. દેખીતું છે, તેની અસર ભારતમાં પણ એફડીઆઈ પ્રવાહ પર પડી. પરંતુ આ બધા છતાં ભારતે વધુ એફડીઆઈ હાંસલ કર્યું, તો તેનું મુખ્ય કારણ એ છે કે કેન્દ્ર સરકાર કેટલાય ક્ષેત્રોમાં ન માત્ર ઝડપથી સુધારો કરી રહી છે, બલ્કે બુનિયાદી માળખામાં પણ રોકાણ વધારી રહી છે. એવા સમયમાં જ્યારે દુનિયાભરની અર્થવ્યવસ્થા મંદીની આશંકાઓ અને ચેતવણીઓથી આશંકિત છે, ત્યારે ઝડપથી વધતી અર્થવ્યવસ્થા રૂપે ભારત રોકાણકારો માટે પસંદગીનું સ્થળ બની રહ્યું છે. વૈશ્વિક સ્તર પર એફડીઆઈમાં ઘટાડાના વલણ વચ્ચે એફડીઆઈ મેળવનારા દેશોની યાદીમાં ભારતનું આઠમા સ્તર પર રહેવું નિશ્ચિત રૂપે આપણી અર્થવ્યવસ્થાના ભવિષ્ય માટે એક સકારાત્મક સંકેત છે.

# રાજકોટના કોઈનમેને પીએમ મોદીને આપવા માટે એક યુનિક ભેટ તૈયાર કરી




## વિશ્વના ૧૯૫ દેશોના સિક્કાઓ જડેલી ફ્રેમ ભેટમાં આપશે

રાજકોટ,તા.૨૭

૨૭ જુલાઈ એટલે કે આજે પીએમ મોદી રાજકોટ આવી રહ્યા છે.પીએમ મોદી ઈન્ટરનેશનલ એરપોર્ટ,ાાદ્ચ ચોક ઓવરબ્રિજ અને સૌની યોજનાનું લોકાર્પણ કરવાના છે.ભાજપ અને તંત્ર પીએમ મોદીમાં સ્વાગત માટે તડામાર તૈયારી કરી રહ્યું છે.પીએમ મોદીના દેશ-દુનિયામાં કરોડો ચાહકો છે.ત્યારે તેમના હોમસ્ટેટ ગુજરાતમાં સૌથી વધુ ચાહકો હોય તે સ્વાભાવિક છે. રાજકોટમાં પીએમ મોદીના એવા કેટલાક ચાહકો છે જેમણે પીએમ મોદીને આપવા માટે કલાકો સુધી મહેનત કરીને ખાસ ભેટ તૈયાર કરી છે.ત્યારે રાજકોટના કોઈનમેન તરીકે જાણીતા નરેન્દ્ર સોરઠીયાએ પીએમ મોદીને આપવા માટે એક યુનિક ભેટ તૈયાર કરી છે. રાજકોટમાં રહેતા નરેન્દ્ર સોરઠીયા કોઈનમેન તરીકે જાણીતા છે.તેમની પાસે વિશ્વના તમામ દેશોના સિક્કા અને ચલણી નોટોનું ભવ્ય કલેકશન છે.તેઓ અનેક હસ્તીઓને આ કલેક્શનમાંથી ભેટ આપી ચૂક્યા છે.ત્યારે તેમણે પીએમ મોદીને ભેટ આપવ માટે એક ફ્રેમ તૈયાર કરી છે.જેમાં વિશ્વના ૧૯૫ દેશોના સિક્કાઓ જડવામાં આવ્યા છે અને આ ફ્રેમની બોર્ડર પર પીએમ મોદીને ૭૨ વર્ષ થયા હોવાથી તેમના ૭૨ ફોટો લગાડવામાં આવ્યા છે. આ ઉપરાંત તેમણે ભાજપનો ભાગવા કલરનો એક ખેસ પણ તૈયાર કર્યો છે.જેમાં ભારતના ઐતહાસિક સિક્કાઓથી લઈને અત્યાર સુધીના સિક્કાઓ છે.આ ખેસમાં પણ ભાજપનો સિમ્બોલ અને પીએમ મોદીનો ફોટો તેમણે લગાડ્યો છે.આ ઉપરાંત તેમણે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ માટે પણ આવો જ ખેસ તૈયાર કર્યો છે. આ પહેલા નરેન્દ્ર સોરઠીયાએ બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીને પણ આવો ખેસ ભેટ આપ્યો હતો જે જોઈને તેઓ ખૂબ જ ખુશ થયા હતા.આ ઉપરાંત તેઓ મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટિલને પણ આ ખાસ ખેસ બનાવી ભેટ આપી ચૂક્યા છે અને તેઓ પણ નરેન્દ્ર સોરઠિયાનું વિશ્વના તમામ દેશની ચલણી નોટ અને સિક્કાઓનું કલેક્શન જોઈને ખૂબ પ્રભાવિત પણ થયા હતા.

# દિલ્હીની કોર્ટે કોંગ્રેસ નેતા વિજય દર્ડા અને તેમના પુત્ર દેવેન્દર દર્ડાને કોલસા કૌભાંડમાં ચાર વર્ષની સજા ફટકારી



નવી દિલ્હી,તા.૨૭

રાહુલ ગાંધી બાદ કોંગ્રેસના બીજા એક નેતાને ચાર વર્ષની સજા થઈ છે. છત્તીસગઢમાં કોલસા બ્લોકની ફાળવણીમાં અનિયમિતતા સાથે જોડાયેલા એક કેસમાં રાજ્યસભાના પૂર્વ સાંસદ વિજય દર્ડા અને તેમના પુત્ર દેવેન્દર દર્ડા અને મેસર્સ જેએલડી યવતમાલ એનર્જી પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર મનોજકુમાર જયસ્વાલને ચાર વર્ષની સજા થઈ છે. દિલ્હીની કોર્ટે છત્તીસગઢ કોલસા કૌભાંડમાં ચુકાદો આપતાં તેમને સજાની જાહેરાત કરી છે. જુલાઈ ૨૦૨૩ની શરુઆતમાં સ્પેશિયલ જસ્ટીસ સંજય બંસલે તેમને ભારતીય દંડ સંહિતા (આઈપીસી) ની કલમ ૧૨૦ બી (ગુનાહિત કાવતરું) અને ૪૨૦ (છેતરપિંડી અને બેઈમાનીથી સંપત્તિની ડિલિવરી માટે પ્રેરિત કરવા) હેઠળ અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ દોષી ઠેરવ્યા હતા. સજાની માત્રા અંગેની દલીલ દરમિયાન સીબીઆઈએ વધુમાં વધુ સજાની માગણી કરી હતી અને દાવો કર્યો હતો કે દર્ડા અને તેમના પુત્ર દેવેન્દરે સીબીઆઈના ભૂતપૂર્વ ડાયરેક્ટર રંજીત સિંહાને તેમના નિવાસસ્થાને મળીને તપાસને અટકાવવા માટે મુલાકાત કરી હતી. કોલસા કૌભાંડના કેસોની તપાસને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરવા બદલ તેમની સામેના પ્રથમદર્શી આક્ષેપોમાં સિંહાની ભૂમિકાની તપાસ માટે સુપ્રીમ કોર્ટે એસઆઈટીની રચના કરી હતી. સીબીઆઈના વરિષ્ઠ સરકારી વકીલ એ પી સિંહે વધુમાં દાવો કર્યો હતો કે આ કેસના એક સાક્ષીએ જણાવ્યું હતું કે જયસવાલ દ્વારા તેમને ધમકી આપવામાં આવી હતી, જેમણે તેમની સામે રજૂઆત ન કરવા માટે તેમને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો હતો. દિલ્હીની રાઉઝ એવન્ય કોર્ટે વિજય દર્ડા અને તેમના પુત્ર દેવેન્દ્રને ૧૫ લાખનો દંડ પણ ફટકાર્યો છે. પૂર્વ કોલસા સચિવ એસસી ગુપ્તાને ૩ વર્ષની સજાની સાથે ૧૦ હજાર રુપિયાનો દંડ કરાયો છે. સીબીઆઈએ આ કેસમાં દોષીઓને વધારેમાં વધારે સજા આપવાની માગ કરી હતી. ઉલ્લેખનીય છે કે કેન્દ્રમાં મનમોહન સરકાર વખતે કોલસા કૌભાંડ ગાજ્યું હતું. કોલસા કૌભાંડ ૨ લાખ કરોડનું હોવાનું જણાયું હતું. કોલસાના બ્લોકની ફાળવણીમાં મોટાપાયે ગેરરીતિઓ આચરાઈ હોવાના આરોપ થયા હતા.

# ૨૭ જુલાઈથી ૫ ઓગસ્ટમાં સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ થશે : અંબાલાલ પટેલ

## ગુજરાતમાં ૧૦૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાશે, નદીઓમાં ઘોડાપુર આવશે

અમદાવાદ,તા.૨૭

આગાહીકાર અંબાલાલ પટેલે આ વખતે જે આગાહી કરી છે, જો એવી સ્થિતિ ઉભી થઈ તો પથારી ફરી જશે. આગાહીકાર અંબાલાલ પટેલે આ વખતે આગાહી કરી છેકે, ફરી એકવાર ગુજરાતમાં બિપોરજોય જોવા ઘાટ ઘડાશે. ફરી એકવાર ગુજરાત પર તોળાઈ રહ્યું છે મોટું સંકટ. જો આ આગાહી સાચી પડી તો ગુજરાતની હાલત ખરાબ થઈ શકે છે. આગાહીકાર અંબાલાલ પટેલે આગાહી કરી છેકે, ગુજરાતમાં ભારે પવન સાથે અતિભારે વરસાદ પડી શકે છે. એટલું જ નહીં અંબાલાલે જણાવ્યું છે કે, ગુજરાતમાં ૧૦૦ કિ.મી.ની રફતારથી સુસવાટા સાથે ભારે પવન ફૂંકાશે. પવનની સાથો-સાથ નદીઓમાં ઘોડાપુર આવશે. રાજ્યભરની મોટાભાગની નદીઓમાં આ સિસ્ટમની અસર જોવા મળશે. જો નદીઓમાં ભારે પુર આવ્યું તો ઘરોમાં પણ ઘુસી શકે છે નદીઓનું પાણી. ઉલ્લેખનીય છેકે, ભારે વરસાદને પગલે સૌરાષ્ટ્રના જૂનાગઢ સહિતના વિવિધ જિલ્લાઓમાં હાલ સ્થિતિ ખુબ ખરાબ છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરામતાં મેઘરાજાએ ભારે તારાજી સર્જી હતી. સામાન્ય જનજીવન અસ્તવસ્ત થઈ ગયું હતું અને હજુ પણ કેટલાક સ્થળોએ લોકોની રોજબરોજની જિંદગી પાટા પર ચઢી નથી. વરસાદ અંગે આગાહી કરતા હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે જણાવ્યું કે, ૨૬ જુલાઈએ એટલે કે આજે ઓરિસ્સાના દરિયામાં ડીપ ડિપ્રેશન સર્જાશે, જેની અસર દેશનાં પશ્ચિમ ભાગમાં થશે. આજે દેશના જુદા જુદા વિસ્તારોમાં વરસાદ થશે. ૨૬, ૨૭ અને ૨૮ તારીખે પશ્ચિમ ભાગમાં ભારે વરસાદની શક્યતા છે. મુંબઈમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. ત્યારે ગુજરાતના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ભાગમાં ભારે વરસાદની અસર જોવા મળશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મનુષ્ય તેના સારા આચરણ અને સારા ગુણને કારણે જ ઓળખાય છે.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૨, મુ. મોહરમ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અધિક શ્રાવણ સુદ-૯ શ્રી હરિ જયંતિ તા.૨૭ જુલાઈ ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૮, વિશાખા નક્ષત્ર, શુભ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૨૦, સૂ.અ.૭:૩૪

આજનો દિવસ આશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), સાંજે ૭:૨૮ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: યશ, માનમાં ભાગીદાર બનશો. પ્રિયતમથી વિશેષ લગાવ રહે.
વૃષભ: આર્થિક લાભ મળે. નવિન શુભ સમાચાર મળે.
મિથુન: આંધળો વિશ્વાસ મૂકીને કામ કરવાની વૃત્તિ ન રાખવી. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું.
કર્ક: મનની મૂંઝવણ દૂર થાય. લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય.
સિંહ: મહત્વના કાર્યમાં સફળતા મળે. તકનો લાભ ઉઠાવજો.
કન્યા: આનંદપૂર્ણ દિવસ વિતે, વ્યર્થ ચિંતા દૂર થાય.
તુલા: કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. અટકેલા નાણાં છૂટા થાય.
વૃશ્ચિક: ગૃહસ્થી જીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.
ધન: મનની મુરાદ બર આવે. આર્થિક લાભ મળે.
મકર: કાર્યબોજ વિશેષ રહે. વ્યર્થ ક્રોધ રહ્યા કરે. મૂંઝવણમાંથી ઉકેલ મળે.
કુંભ: અચાનક પ્રવાસ થાય. મહામહેનતે કાર્ય સફળતા મળે.
મીન: શેર-સટ્ટા અને લોટરીમાં લાભ મળે. કાર્યબોજ વિશેષ રહે.

## ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત

# “કારકિર્દીના પંથે-૨૦૨૩” વિશેષાંક વિદ્યાર્થીના ઉજ્જવળ કારકિર્દીના નિર્માણનો આધારસ્તંભ બનશે: શિક્ષણ મંત્રી

અમદાવાદ તા.૨૭

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા નવીન પહેલના ભાગરૂપે રાજ્યના વિદ્યાર્થીઓના ભાવિ નિર્માણમાં સહાયક અને માર્ગદર્શક બને એવા ઉદ્દેશથી “કારકિર્દીના પંથે-૨૦૨૩” ડિજિટલ વિશેષાંક તૈયાર કરવામાં આવ્યો છે. જેનું ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરના હસ્તે અને રાજ્યકક્ષાના મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં વિમોચન કરવામાં આવ્યું હતું.

ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત તૈયાર કરેલ “કારકિર્દીના પંથે-૨૦૨૩” ડિજિટલ વિશેષાંક વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને કારકિર્દીનું સાચું માર્ગદર્શન પૂરું પાડી જ્ઞાનમાં વૃદ્ધિ કરશે. જે કારકિર્દી અને વ્યવસાયનું માર્ગદર્શન પૂરું પાડી વિદ્યાર્થીઓ માટે ઉજ્જવળ ભવિષ્યના નિર્માણનો આધારસ્તંભ બનશે, તેમ શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું.

વધુમાં મંત્રીએ કહ્યું હતું કે, વિદ્યાર્થી કાળમાં ધોરણ -૧૦ અને ધોરણ-૧૨ એ કારકિર્દીના મહત્વના વર્ષો છે, ત્યારે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓને સાચી દિશા અને બાળકના જીવનમાં પ્રગતિનો પાકો પંથ તૈયાર કરે છે. “કારકિર્દીના પંથે-૨૦૨૩” ડિજિટલ વિશેષાંક તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષણ પ્રેમીઓને નિઃશુલ્ક પ્રાપ્ત થાય તેવા શુભ આશયથી તૈયાર કરવામાં આવ્યો છે, જે વિદ્યાર્થીઓના ભવિષ્યને સફળ બનાવવા અને રાહ ચીંધવાનો એક નવતર પ્રયોગ નીવડશે.

આ પ્રસંગે સમગ્ર શિક્ષા અભિયાનના સચિવ મહેશ મહેતા, અમદાવાદ શહેરના ડી.ઈ.ઓ આર.એમ. ચૌધરી તેમજ સંકલન સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## અધિક માસનું કથામૃત - કનકચંદ્ર સી. વ્યાસ



# ભગવાન તો ભક્તને આધિન છે

મહારાષ્ટ્રના સંતોમાં એકનાથજી મહારાજનું નામ આજે પણ ગુંજે છે. એકનાથજી મહારાજ પ્રભુના“પરમ ભક્ત હતા. તેમણે ગૃહસ્થાશ્રમમાં રહી અને પ્રભુ ભક્તિ કરેલી. વળી, પ્રભુની કથા-વાર્તા પણ તે કહેતા.“તેમને ત્યાં હરિભક્તો અને દીનદુ:ખીયાઓની સતત અવર-જવર રહેતી. તેમને પીવા પાણી આપવું, જમાડવા,“રસોઈ કરવી, તેમની વ્યવસ્થા સંભાળવી. આ બધું કરવાથી પતિ-પત્ની ખૂબ જ થાકી જતાં. પરંતુ થાય શું ?“પતિ-પત્નીએ સાથે મળી અને એક મહાન કાર્ય આદરેલું તેથી ગમે તેવી પરિસ્થિતિ વચ્ચે પણ તેમણે“પોતાના જીવનનું એક લક્ષ્ય નક્કી કરેલું એ તો કોઈપણ હિસાબે પાર પાડવું રહ્યું.“એક દિવસની વાત છે. એક બાર-પંદર વર્ષનો છોકરો એકનાથજી મહારાજ પાસે આવ્યો અને કહે છે“કે, “મહારાજ... મહારાજ... મને નોકરીએ રાખશો ?” એકનાથજી મહારાજ આ છોકરા ને જોઈ અને“વિચાર કરે છે કે, “આ બાળક શું કામ કરી શકશે ? વળી, તેને પગાર પણ જોઈએ. તેના રૂપિયા ક્યાંથી લાવવા“?” એટલે પોતાને મૂંઝવતા પ્રશ્નો એકનાથજી મહારાજએ તે છોકરાને કર્યા. છોકરો કહે છે, “તમે જે કહેશો તે“કામ કરી દઈશ મને રસોઈ બનાવતા આવડે છે. તે ઉપરાંત હું સાફ સફાઈ કરી આપીશ. વાસણ સાફ કરી“દઈશ. તમે જે કામ બતાવશો તે કામ હું ફટાફટ કરી આપીશ.”“એકનાથજી મહારાજ કહે છે, “તારું નામ શું છે ?” “મારું નામ શિખંડીયો છે.” તે બાળક જવાબ આપે“છે. ફરી એકનાથી મહારાજે પૂછ્યું, “બેટા, તું પગાર શું લઈશ ?”ત્યારે તે શિખંડીયો જવાબ આપે છે કે,““મારે પગાર નથી જોઈતો પરંતુ તે કામના બદલામાં મને બે વખતનું જમવાનું આપજો એટલે બસ !”“એકનાથજી મહારાજ તો રાજીનારેડ થઈ ગયા. તેમને થયું સારું થયું. કામની જંઝટમાંથી મૂક્તિ મળી જેથી“કરીને વધુ સારી રીતે પ્રભુભજન પણ થશે અને દીનદુ:ખીયાઓની સેવા પણ થશે.“બસ, શિખંડીયાએ તો કામ પોતાના હાથમાં લીધું. તે દરેક કામ ખૂબજ ઝડપથી કરી નાખે છે. સાફસફાઈ પણ એવી કરે કે, જગ્યાને ચોખ્ખીચટક જોઈ ભલભલા આશ્ચર્યમાં પડી જાય અને દરરોજ શિખંડીયો“રસોઈ પણ એવી સુંદર બનાવે કે, ખાનારા આંગળી ચાટી જાય. ખુદ એકનાથજી મહારાજ અને તેમના“ધર્મપત્નીને પણ ભોજનમાં અલૌકિક આનંદ આવતો.“આમને આમ દિવસો વિતતા જાય છે. લોકોને એકનાથજી મહારાજની જગ્યામાં અલૌકિક આનંદ“આવતો અનુભવાય છે. તેની ખૂબ ખૂબ પ્રશંસા પણ ચોતરફ થતી રહે છે.“એકવાર મહારાષ્ટ્રથી કેટલાક લોકો ચાલીને દ્વારકાની યાત્રાએ નિકળ્યા. પગે ચાલીને નિકળેલ આ“યાત્રાળુઓ દ્વારકા પહોંચ્યા. દ્વારકા પહોંચી અને ભગાવન શ્રી દ્વારકાધીશના દર્શન કરવા મંદિરમાં ગયા. ત્યારે“જ્યાં જુએ છે ત્યાં મંદિરમાં ભગવાન જ નથી. પૂછતા ખબર પડી કે, ભગવાન તો હાલ એકનાથજીને ત્યાં“બિરાજે છે.“એટલે, ભક્ત યાત્રાળુઓ તો વિચારમાં પડી ગયા કે, “આ શું ?” મહારાષ્ટ્રથી તો અમે પગે ચાલીને“દ્વારકાધીશના દર્શન કરવા આવ્યા અને દ્વારકાધીશ તો અમારે ત્યાંજ બિરાજી રહ્યાં છે. એટલે સૌ સાથે મળી“અને ફરી પગે ચાલીને દ્વારકાથી મહારાષ્ટ્રમાં આવ્યા અને જ્યાં એકનાથજી મહારાજની જગ્યામાં આવીને કહે“છે, “મહારાજ અમને તમારે ત્યાં બિરાજી રહેલા દ્વારકાધીશના દર્શન કરવા છે. ક્યાં છે પ્રભુ ? અમને દર્શન“કરાવો.”“એકનાથજી મહારાજ કહે છે, “મારે ત્યાં દ્વારકાધીશ બિરાજે છે તેવું તમને કહ્યું કોણે ?” યાત્રાળુઓ કહે“છે કે, “અમે દ્વારકા ગયા હતા ત્યાંથી જાણવા મળ્યું પ્રભુ છેલ્લા કટેલા સમયથી તમારે ત્યાં બિરાજે છે.”“એકનાથજી મહારાજને તરત જ વિચાર ઝબક્યો, “જરૂર પહેલો શિખંડીયો સાક્ષાત દ્વારકાધીશ હશે!”“તપાસ કરતા જાણવા મળ્યું કે તે કાવડ લઈ અને પાણી ભરવા ગયા છે. એકનાથજી મહારાજે જળાશય પાસે દોટ મૂકી તેની પાછળ પાછળ યાત્રાળુઓ અને ભક્તજનો પણ દોડ્યા. ભગવાન આ બધી વાત જાણી ગયા તેથી“કાવડ મૂકી અને અંતર્ધાન થઈ ગયા. તેને જોવા નિકળેલા એકનાથજી મહારાજ અને ભક્તોને ખાલી પાણી“ભરેલી કાવડ મળી.“એકનાથજી મહારાજની આંખોમાંથી અશ્રુધારા વહી તેમને થયું કે, “ભગવાન પાસે મેં નોકર જેવું કામ“કરાવ્યું” અને તે વિલાપ કરવા લાગ્યા.“આમ, એકનાથજી મહારાજ અને તેમના ધર્મપત્નીની નિષ્કમ ભક્તિથી આધિન થઈ અને ભગવાને“જાતે તેના બધા કામ સંભાળ્યા.

“આજનું ભજન
“જનમો જનમ ચરણોની ભક્તિ માંગીએ,
“વ્હાલા ! તું તો દિલડાનો દાતાર જો...
“કલ્પવૃક્ષ સમ મીઠી તારી છાંયડી,
“જેવુ માંગે તેવું તું દેનાર જો...
“દર્પણ સમ દિસે છે મૂરતિ તાહારી,
“ભાવ પ્રમાણે દર્શનનો દેનાર જો..
.“કર્મના યોગે જો કોઈ યોનિ સાંપડે,“
“પુનિત” રાખે ત્યાં પણ ચરણે પ્યાર જો...

શ્રીમતિ રમણતારા કે. વ્યાસ

# ગુજરાત ટેક્ષસ્ટાઈલ પોલિસી અંતર્ગત વિવિધ યોજનાઓના પ્રોત્સાહન મંજૂર માટેની રાજ્યકક્ષાની કમિટીની રચના

## રાજ્ય કક્ષાની કમિટીમાં ચેરમેન અને વાઈસ ચેરમેન સહિત કુલ ૧૩ સભ્યોની નિયુક્તિ કરવામાં આવી

(જી.એન.એસ),તા.૨૭

રાજ્યના કાપડ ઉદ્યોગને વધુ પ્રોત્સાહિત કરીને તેને મજબૂત બનાવવાના ઉમદા હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ટેક્ષ્ટાઈલ પોલિસી તૈયાર કરવામાં આવી છે. આ પોલિસી અંતર્ગત વિવિધ યોજનાની સહાય મંજૂર કરવા માટેની સ્ટેટ લેવલ એપ્રુવલ કમિટી-SLACના ચેરમેન તરીકે હોદ્દાની રૂએ ઉદ્યોગ,લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કોટેજ, ખાદી અને ગ્રામોદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતની જયારે વાઈસ ચેરમેન તરીકે લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ રાજ્ય મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા રહેશે.

ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા આ રાજ્ય કક્ષાની કમિટીમાં ચેરમેન અને વાઈસ ચેરમેન સહિત કુલ ૧૩ સભ્યોની નિયુક્તિ કરવામાં આવી છે. જેમાં સભ્ય તરીકે હોદ્દાની રૂએ ઉધોગ અને ખાણના અધિક મુખ્ય સચિવ, ઉદ્યોગ કમિશનર ઈન્ડેક્ષટીબીના મેનેજિંગ ડિરેકટર, કૃષિ નિયામક, શ્રમ અને રોજગાર નિયામક, ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક/સંયુક્ત/નાયબ સચિવ, નાણા વિભાગના નાણાકીય સલાહકાર, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ્રસ્ટ્રીના પ્રમુખ, સી.ઈ.ડી.ના ડાયરેક્ટર અને અટીરાના ડાયરેક્ટરનો સમાવેશ થાય છે. જયારે સભ્ય સચિવ તરીકે ઉદ્યોગ કમિશનરની કચેરીના અધિક/સંયુક્ત/નાયબ કમિશનર રહેશે તેમ, ઉદ્યોગ અને ખાણ વિભાગની યાદીમાં જણાવ્યું છે.

# ૨૦૨૩ માર્ચ સુધીમાં બેંકોએ અધધધ... રૂા.૨.૦૯ લાખ કરોડથી વધુ મૂલ્યની બેડ લોન માફ કરી દીધી

## છેલ્લા પાંચ વર્ષમાં રૂા.૧૦.૫૭ લાખ કરોડની લોન રાઈટ ઓફ કરવામાં આવી : RBIનો ખુલાસો

નવી દિલ્હી, તા.૨૭

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ ઈન્ડિયન એક્સપ્રેસને માહિતી અધિકાર (RTI)ના જવાબમાં જણાવ્યું હતું કે, ભારતીય બેંકોએ માર્ચ ૨૦૨૩માં પૂર્ણ થયેલા વર્ષ દરમ્યાન રૂા.૨.૦૯ લાખ કરોડ (લગભગ $25.50 બિલિયન)ની બેડ લોન માફ કરી હતી. છેલ્લા પાંચ વર્ષમાં બેંકિંગ સેક્ટર દ્વારા કુલ લોન રાઈટ-ઓફ નોંધપાત્ર રૂા.૧૦.૫૭ લાખ કરોડ (લગભગ $129 બિલિયન) થઈ ગઈ છે. અખબારે અહેવાલ આપ્યો છે કે, રાઈટ-ઓફથી બેંકોને ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (GNPA) અથવા ઉધાર લેનારાઓ દ્વારા ડિફોલ્ટ કરાયેલી લોનને માર્ચ ૨૦૨૩માં એડવાન્સિસના ૩.૯%ના ૧૦ વર્ષના નીચલા સ્તરે લાવવામાં મદદ મળી છે. બેંકોની ગ્રોસ NPA નાણાકીય વર્ષ ૨૦૧૮માં રૂા.૧૦.૨૧ લાખ કરોડથી ઘટીને માર્ચ ૨૦૨૩સુધીમાં રૂા.૫.૫૫લાખ કરોડ થઈ હતી. આરબીઆઈના ડેટા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩થી બેંકોએ રૂા.૧૫,૩૧,૪૫૩ કરોડ ($187 બિલિયન) લોન માફ કરી છે. જોકે, બેંકો દ્વારા આ લોન બેંકોના ચોપડામાં વણવસૂલ કરાયેલી લોન તરીકે ઊભી રહેશે. આરબીઆઈના આરટીઆઈ જવાબમાં જણાવાયું છે કે, બેંકોએ છેલ્લા ત્રણ વર્ષમાં રૂા.૫,૮૬,૮૯૧ કરોડની માફ લોનમાંથી માત્ર રૂા.૧,૦૯,૧૮૬ કરોડની વસૂલાત કરી છે અને તેઓ ત્રણ વર્ષના ગાળામાં માત્ર ૧૮.૬૦% જ રાઈટ-ઓફ કરી શક્યા છે. કુલ ડિફોલ્ટ લોનની રકમ રૂા.૧૦.૩૨ લાખ કરોડ છે. માર્ચ ૨૦૨૩ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ દરમ્યાન બેંકો દ્વારા લોન રાઈટ ઓફ વધીને રૂા.૨,૦૯,૧૪૪ કરોડ થઈ હતી, જે એક વર્ષ અગાઉ માર્ચ ૨૦૨૨માં રૂા.૧,૭૪,૯૬૬ કરોડ અને માર્ચ ૨૦૨૧માં રૂા.૨,૦૨,૭૮૧ કરોડ હતી. બેંકો તેમના ખાતાઓમાં NPA ઘટાડવા માટે લોનને માફ કરે છે, જો કે, એ નોંધવું અગત્યનું છે કે, તેઓએ માફ લોનમાંથી અસાધારણ વસૂલાતની પણ માહિતી આપી છે. અખબારે અહેવાલ આપ્યો છે કે, તેઓ FY21માં માત્ર રૂા.૩૦,૧૦૪ કરોડ, FY 22માં રૂા.૩૩,૫૩૪ કરોડ અને FY 23માં રૂા. ૪૫,૫૪૮ કરોડની વસૂલાત કરી શક્યા હતા. IEના એક બેંકિંગ વિશ્લેષકે કહ્યું કે, રાઈટ-ઓફ કર્યા પછી બેંકોએ વિવિધ વિકલ્પોનો ઉપયોગ કરીને લોનની વસૂલાત માટે તેમના પ્રયત્નો ચાલુ રાખ્યા છે. તેઓએ જોગવાઈ પણ કરવી પડશે. કર જવાબદારી પણ ઘટશે કારણ કે, નફામાંથી આ રકમ ઘટશે. લોનને NPA તરીકે ત્યારે વર્ગીકૃત કરવામાં આવે છે જ્યારે મૂળ રકમ અથવા વ્યાજની ચૂકવણી ૯૦ દિવસના સમયગાળા માટે બાકી રહે છે. આ લોન લેનારાઓની ઓળખ બેંકો અથવા આરબીઆઈ દ્વારા ક્યારેય જાહેર કરવામાં આવી નથી. વ્યક્તિગત બેંકોમાં FY2023માં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના કિસ્સામાં રાઈટ-ઓફને કારણે NPAમાં ઘટાડો રૂા.૨૪,૦૬૧ કરોડ, પંજાબ નેશનલ બેંક રૂા.૧૬,૫૭૮ કરોડ, યુનિયન બેંક રૂા.૧૯,૧૭૫ કરોડ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા રૂા.૧૦,૨૫૮ કરોડ અને બેંક ઓફ બરોડા રૂા.૧૭,૯૯૮ કરોડ હતો. આ રાઈટ-ઓફનો નોંધપાત્ર ભાગ, ટેક્નિકલ પ્રકૃતિનો છે, તે મુખ્યત્વે બેલેન્સ શીટને સ્પષ્ટ કરવા અને કરવેરાની કાર્યક્ષમતા હાંસલ કરવાનો છે. વધુમાં સામાન્યરીતે આવી લોન માટે કરવામાં આવેલી સંચિત જોગવાઈઓ સામે રાઈટ-ઓફ કરવામાં આવે છે. એકવાર પુર્નઃ પ્રાપ્ત થયા પછી તે લોન માટે કરવામાં આવેલી જોગવાઈઓ બેંકોના નફા અને નુક્સાન ખાતામાં આવે છે. RBI અધિકારીએ IEને કહ્યું કે, લોન રિકવરી પ્રક્રિયામાં વર્ષો લાગી શકે છે કારણ કે, રાઈટઓફમાં સામેલ મોટાભાગની લોન વિલફુલ ડિફોલ્ટર્સ અને પ્રમોટર્સની હોય છે જેઓ સામાન્ય રીતે બેંકોને પરત નાણાં ચૂકવતા નથી. તે બિન-પારદર્શક છે અને તેના માટે કોઈ નીતિ નથી. ખોટા કામ થવાની સંભાવના છે. સામાન્ય રીતે ટેક્નિકલ રાઈટ-ઓફ એ બિન-પારદર્શકતા ઊભી કરે છે, ક્રેડિટ રિસ્ક મેનેજમેન્ટ સિસ્ટમનો નાશ કરે છે. બેંકે એ જાહેર કરવું જોઈએ કે, તમે શું રાઈટ ઓફ કરી રહ્યાં છો. તમે સાર્વજનિક નાણાં રાઈટ ઓફ કરો છો, તે એક કૌભાંડ છે

# જ્ઞાન સહાયકની ભરતી ન થાય ત્યાં સુધી પ્રવાસી શિક્ષકો અભ્યાસ કરાવશે

## રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકોની ખાલી જગ્યા ઉપર પ્રવાસી શિક્ષકોની નિમણૂક કરવા મંજૂરી અપાઈ, ૬ માસ અથવા જ્ઞાન સહાયકની ભરતી બેમાંથી જે વહેલુ હશે ત્યાં સુધી પ્રવાસી શિક્ષકોની નિમણૂક માન્ય રહેશે

અમદાવાદ, તા.૨૭

રાજ્યમાં આવેલી સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં શિક્ષકોની ખાલી જગ્યા ઉપર જ્ઞાન સહાયકની ભરતી ન થાય ત્યાં સુધી ફરી પ્રવાસી શિક્ષકોની ભરતી કરવાની શિક્ષણ વિભાગે મંજૂરી આપી છે. રાજ્યમાં જ્ઞાન સહાયક યોજના અમલમાં મુક્યા બાદ પ્રવાસી શિક્ષક યોજના રદ થઈ હતી. જો કે, જ્ઞાન સહાયકોની ભરતીમાં મોડુ થાય તેમ હોવાથી પ્રવાસી શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય લીધો છે. શિક્ષણ વિભાગ દ્વારા ૨૦૧૫ના ઠરાવથી સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યા નિયમિત શિક્ષકોથી ભરાય નહીં ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય અટકે નહીં તે માટે તાસ દીઠ માનદ વેતનથી શિક્ષણ કાર્ય કરાવવાની પ્રવાસી શિક્ષક યોજના અમલમાં મુકવામાં આવી હતી. ત્યારબાદ શિક્ષણ વિભાગ દ્વારા ૧૦ જુલાઈ, ૨૦૨૩ના ઠરાવથી જ્ઞાન સહાયક યોજના દાખલ કરવામાં આવી હતી. આ યોજના દાખલ થતાં પ્રવાસી શિક્ષક યોજના રદ થઈ ગઈ હતી. જો કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪નું શૈક્ષણિક કાર્ય શરૂ થયાને પણ પોણા બે માસ જેટલો સમય થઈ ગયો છે અને હજુ નિયમિત શિક્ષકોની ખાલી જગ્યા ઉપર કોઈ જ પ્રકારની ભરતી થઈ નથી. બીજી બાજુ ૧૦ જુલાઈના ઠરાવ મુજબ દ્વીસ્તરીય TAT પરીક્ષાનું મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં આવે તેમજ તે અન્વયે જ્ઞાન સહાયકોની નિમણૂક કરવામાં સમય જાય તેમ હોવાથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યને અસર ન થાય તે માટે નિયામક શાળાઓની કચેરીએ જ્યાં સુધી જ્ઞાનસહાયક યોજના હેઠળ જ્ઞાન સહાયકોની નિમણૂક ન થાય ત્યાં સુધી જૂની પ્રવાસી શિક્ષક યોજના ચાલુ રાખવા મંજૂરી આપવા માટે દરખાસ્ત કરી હતી. શિક્ષણ વિભાગને મળેલી દરખાસ્ત અન્વયે પુખ્ત વિચારણાના અંતે વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાને લઈને ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક વર્ષ માટે સરકારી તથા ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વચગાળાની વ્યવસ્થાના ભાગરૂપે તાસદીઠ માનદવેતનથી શિક્ષણ કાર્ય કરાવવા અંગેની જૂની પ્રવાસી શિક્ષક યોજના વધુમાં વધુ ૬ માસ અથવા જ્ઞાન સહાયક યોજના અંતર્ગત જ્ઞાન સહાયકોની નિમણૂકની પ્રક્રિયા પૂર્ણ થાય તે બેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધી ચાલુ રાખવાની સરકારે મંજૂરી આપી છે. આમ, હવે મોડે મોડે જાગેલા શિક્ષણ વિભાગે જૂની પ્રવાસી શિક્ષક યોજના ચાલુ કરી છે.

# ગ્રાહક સંબંધિત : ભ્રામક જાહેરાતો ઉપર સેલિબ્રિટી સામે કાર્યવાહી શરૂ થઈ શકે છે

નવી દિલ્હી, તા.૨૭

શું ભ્રામક જાહેરાતોમાં ભાગ લેતી સેલિબ્રિટીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવી શક્ય છે. હા, ગેરમાર્ગે દોરતી જાહેરાતોના સંદર્ભમાં ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ મુજબ સેલિબ્રિટી સામે કાર્યવાહી શરૂ કરી શકાય છે. સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (CCPA) પાસે આવી જાહેરાતો અને તેને સમર્થન કરનારાઓ સામે પગલાં લેવાની સત્તા છે. CCPA પાસે તપાસ કરવાની અને સમર્થન આપનાર (સેલિબ્રિટી) અથવા જાહેરાતકર્તા અથવા પ્રકાશકને દિશાનિર્દેશો જારી કરવાની, આવી જાહેરાતને બંધ કરવા અથવા તે ક્રમમાં નિર્દિષ્ટ કરવામાં આવેલા સમયની અંદર અને તેમાં ફેરફાર કરવાની સત્તા છે. અધિનિયમ આદેશ આપે છે કે આ સેલિબ્રિટીઓએ જાહેરાતોમાં કરવામાં આવેલા દાવાઓની સત્યતા ચકાસવા માટે યોગ્ય ખંતનો ઉપયોગ કરવો જોઈએ. જાહેરાતોમાં કરવામાં આવેલા દાવાની સચ્ચાઈ જો આ શરત સંતોષવામાં ન આવે, તો સમર્થન આપનારને રૂા.૧૦ લાખ સુધીના દંડને પાત્ર થશે. વધુમાં, CCPA, દરેક અનુગામી ઉલ્લંઘન માટે, રૂા. ૫૦ લાખ સુધીનો દંડ લાદી શકે છે. CCPA પાસે આવા સમર્થનકર્તાને એક વર્ષ સુધીના સમયગાળા માટે કોઈપણ જાહેરાતમાં દેખાવાથી પ્રતિબંધિત કરવાની સત્તા પણ છે. દંડ અને સજાનો નિર્ણય મુખ્યત્વે વસ્તી અને અસરગ્રસ્ત વિસ્તાર, આવા ગુનાની આવર્તન અને અવધિ, પ્રતિકૂળ અસર થવાની સંભાવના ધરાવતા વ્યક્તિઓના વર્ગની નબળાઈ અને કુલ આવક જેવા પરિબળો દ્વારા નક્કી કરવામાં આવે છે. ડૉ. અર્ચના સબનીસ ગ્રાહક કાયદાના નિષ્ણાત છે જે ૨૦૦૦થી જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ગ્રાહક વિવાદ નિવારણ મંચ ઉપર પ્રેક્ટિસ કરે છે.

# નાણાંકીય વર્ષ ૨૦૨૩માં ૭.૪ કરોડ ITR ફાઈલ થયા, ૫.૧૬ કરોડથી વધુ લોકોએ શૂન્ય રિટર્ન ફાઈલ કર્યા

નવી દિલ્હી તા.૨૭

૨૦૨૨-૨૩માં આવકવેરા રિટર્ન ફાઈલ કરનાર વ્યક્તિઓ સહિતની સંસ્થાઓની સંખ્યા ૬.૧૮ ટકા વધીને ૭.૪૦ કરોડથી વધુ થઈ છે, જેમાંથી લગભગ ૫.૧૬ કરોડે શૂન્ય કર જવાબદારી જાહેર કરી છે. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે સોમવારે લોકસભામાં જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં આવકવેરા રિટર્ન ફાઈલ કરનાર વ્યક્તિઓની સંખ્યામાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ની સરખામણીમાં ૬.૧૮ ટકાનો વધારો થયો છે. ભારતનું ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૨૦૨૨-૨૩ના નાણાકીય વર્ષમાં ૨૦.૩૩ ટકા વધીને રૂા.૧૯.૬૮ લાખ કરોડથી વધુ થયું છે. સીતારમણ દ્વારા શેર કરાયેલા રિટર્ન ફાઈલિંગ ડેટા મુજબ, છેલ્લા ચાર વર્ષમાં આવકવેરા રિટર્ન ફાઈલ કરનારા લોકોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. ૨૦૨૨-૨૩માં ૭.૪૦ કરોડથી વધુ ITR ફાઈલ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૫.૧૬ કરોડથી વધુએની કર જવાબદારી શૂન્ય હતી. તેવી જ રીતે ૨૦૨૧-૨૨ નાણાકીય વર્ષ માટે ૬.૯૪ કરોડથી વધુ ITR ફાઈલ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૫.૦૫ કરોડથી વધુએ શૂન્ય કર જવાબદારી હતી. ૨૦૨૦-૨૧ અને ૨૦૧૯-૨૦ નાણાકીય વર્ષમાં ૬.૭૨ કરોડ અને ૬.૪૭ કરોડથી વધુ ITR ફાઈલ કરવામાં આવ્યા હતા. તેમાંથી ૪.૮૪ કરોડ અને ૨.૯૦ કરોડ કરદાતાઓ ઉપર શૂન્ય કર જવાબદારી હતી.

# વોટ્સએપે આઈફોન યુઝર્સ માટે એપનું નવું વર્ઝન અપડેટ કર્યું

નવી દિલ્હી, તા.૨૭

મેસેજિંગ પ્લેટફોર્મ વોટ્સએપ વિશ્વભરના લાખો યુઝર્સ દ્વારા ઉપયોગમાં લેવાય છે અને તે સતત નવી સુવિધાઓ યુઝર્સ માટે બહાર પડતું રહે છે. હવે પ્લેટફોર્મે આઈફોનયુઝર્સ માટે એપનું નવું વર્ઝન અપડેટ કર્યું છે. આ અપડેટ પછી ટ્રાન્સફર ચેટ્સ અને સાયલન્સ અનનોન કોલર્સ જેવા ઘણા ફીચર્સ એપનો એક ભાગ બનાવવામાં આવ્યા છે. વોટ્સએપને લેટેસ્ટ વર્ઝનમાં અપડેટ કરીને પણ આ સુવિધાઓનો લાભ લઈ શકાય છે. જો કે આ સુવિધાઓ તમામ યુઝર્સ સુધી પહોંચવામાં થોડા અઠવાડિયાનો સમય લાગી શકે છે. વોટ્સએપ યુઝર્સ હવે જૂના આઈફોનથી નવા ડિવાઈસમાં મેસેજ, મીડિયા અને સેટિંગ્સ સહિત સમગ્ર ચેટ હિસ્ટ્રી સરળતાથી ટ્રાન્સફર કરી શકે છે. નવા અપડેટ પછી, આઈક્લાઉડ અથવા સ્થાનિક બેકઅપ ઉપર યુઝર્સની નિર્ભરતા સમાપ્ત થઈ જશે. આ સુવિધા આઈઓએસ ૧૫ અને તેનાથી ઉપરના સોફ્ટવેર વર્ઝન ઉપર વોટ્સએપ ચલાવતા તમામ યુઝર્સ માટે ઉપલબ્ધ છે.

# મિકેનિકલ એન્જિનિયરીંગ તરીકે કારકિર્દી બનાવાય કે નહીં ? કેવા ઉમેદવારોએ ઝંપલાવવું જોઈએ ? જોબ ના મળે તો શું કરવું ?

**આ એક એવું ફિલ્ડ છે કે જ્યાં મશીનોનું અસ્તિત્વ છે ત્યાં આ ક્ષેત્રના નિષ્ણાતોનું અસ્તિત્વ છે. અહિં પારંગત થયેલા વિદ્યાર્થીઓને મિકેનિકલ એન્જિનિયર, મેન્યુફેક્ચરીંગ એન્જિનિયર, કેડ ટેકનિશિયન, ન્યુક્લીયર એન્જિનિયર, એરોસ્પેસ એન્જિનિયર, માઈનીંગ એન્જિનિયર, વોટર એન્જિનિયર, મેન્ટેન્સ એન્જિનિયર, કંટ્રોલ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્જિનિયર વગેરે જેવી જોબ મળે છે. ટૂંકમાં કલાકો સુધી મશીન સાથે રમવાની ધીરજ અને દિમાગ હોય તો જ આ ફિલ્ડ પકડવું જોઈએ. બીટેક અને બીઈ સાથે મિકેનિકલ એન્જિનિયરીંગ કર્યા બાદ તમે એમ. ટેક અને ત્યારબાદ પીએચડી કરી શકો છો. તમને વાર્ષિક રૂા.૩ લાખથી શરૂ થાય તેવી જોબ મળી શકે છે. ત્યારબાદ જેમ જેમ અનુભવ મળે તેમ-તેમ આગળ વધી શકો છો**

કેમ છો મિત્રો ? મજામાં જ હશો. આજે આપણે એક એવા વિષય ઉપર વાત કરવી છે કે જે આપણા એક મિત્રના મૂંઝવતા પ્રશ્નો ઉપર છે. તો આપણા મિત્ર દ્વારા એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે, તેઓએ વર્ષ ૨૦૧૭માં ડિપ્લોમા ઈન મિકેનિકલ એન્જિનિયરીંગ કર્યું છે અને ત્યારબાદ બેચલર ઓફ મિકેનિકલ એન્જિનિયરીંગનો કોર્ષ ૨૦૨૧માં પૂર્ણ કર્યો હતો. તેઓએ અભ્યાસ બાદ પહેલા પાંચ મહિના આસિસ્ટન્ટ પ્રોડક્શન એન્જિનિયરીંગ તરીકે જોબ કરી અને ત્યારબાદ એક વર્ષ સુધી આસિસ્ટન્ટ પ્લાનિંગ એન્જિનિયર તરીકે કામ કર્યું. તે પછી થોડોક સમય એક આંતરરાષ્ટ્રીય રીક્રુટમેન્ટ એજન્સીમાં કામ કર્યા બાદ હાલમાં કોઈક નવી નોકરીની શોધમાં છે.

આ દરમ્યાન તેઓ તેમના જ ક્ષેત્ર સાથે સંકળાયેલો અભ્યાસ એટલે કે ‘ઓટોકેડ’ અને ‘સોલિડ વર્કસ’નો ડિઝાઈનીંગ કોર્ષ કરી રહ્યા છે. તેઓનું આયોજન એવું છે કે, જો અત્રે સારી કોઈ જોબ ના મળે તો કેનેડા સ્થાયી થવું છે અને તેના માટે આઈઈએલટીએસની તૈયારી પણ કરી રહ્યા છે. પરંતુ તેમાં પણ નાણાકીય પ્રશ્ન તો ઊભો જ છે. તેઓની મૂંઝવણ છે કે હવે શું કરવું ? ભારે નિરાશા વ્યાપી ગઈ છે. તેઓને જાણવું છે કે, ઈન્ટરનેશનલ સ્ટડી માટે વ્યાજબી લોન કઈ મળે છે, ઈજનેરી બાબતમાં સરકારી નોકરી મળે કે નહી અને હાલમાં માર્કેટમાં સ્થિતિ એવી છે કે, ફ્રેશરને કોઈ ચાન્સ આપતા નથી. આથી તેઓને આ સ્થિતિમાં મદદની જરૂર છે.

તો મિત્રો આજનો આપણો લેખ મિકેનિકલ એન્જિનિયર તરીકેની કારકિર્દી અને વાંચકની મૂંઝવણનો ઉકેલ લાવવા ઉપર કેન્દ્રીત કરીશું. મારા બીજા વાચક મિત્રોને ખાસ વિનંતી કે જો તેઓ પણ આ બાબતે કોઈ ખાસ માહિતી ધરાવતા હોય કે આ વિષયમાં મદદરૂપ થઈ શકે, તેઓ ઈમેલ કરીને મને જણાવી શકે છે. જો માહિતી સચોટ હશે તો તેને આગામી લેખમાં સ્થાન મળી શકે છે. તો ચાલો મિત્રો આપણે સમજીએ મિકેનિકલએન્જિનિયરીંગની કરિયર વિશે.

**મિકેનિકલ ઇજનેરી એટલે શું ? કોણે કોર્ષ કરવો જોઇએ ?**

આ કારિકિર્દી વિશે સામાન્ય ભાષામાં સમજાવું તો તમારે થ્રી ઈડિયટ્સ મુવીને યાદ કરવી પડશે. આ મુવીમાં આમિરખાન કોલેજમાં રેન્ચોની ભૂમિકામાં હોય છે અને તેનું અસલી ફુન સુખ વાંગડું હોય છે. તેને નાનપણથી જ મશીનો પ્રત્યે ખૂબ લગાવ હોય છે અને જાત-જાતના આઈડિયા લગાવીને તેના ઉપર સંશોધનો કરીને મશીનો બનાવીને બધાને અચંબામાં મૂકી દેતો હોય છે. મુવીના અંતમાં સસ્પેન્સ ખુલે છે કે તે એક એવો જીનીયર સંશોધક અને એન્જિનિયર હોય છે કે વિશ્વની મોટી મોટી કંપનીઓ તેની સેવા લેવા માટે તલપાપડ હોય છે. પરંતુ તે પોતે જ લડાખમાં એક સ્થળે આવા મશીનો તૈયાર કરવામાં રસ ધરાવતા બાળકોને પોતાના ત્યાં રાખીને તાલીમ આપતો હોયછે. આથી ટૂંકમાં કહેવાનું કે મિકેનિકલ ઈજનેર એવા લોકોએ જ બનવું જોઈએ કે જેમને મશીનો પ્રત્યે પ્રેમ હોય, સંશોધન કરવા ઈચ્છુક હોય અને દિમાગ લગાવીને કંઈક નવીન કરવા માટે તૈયાર હોય. વળી મશીનને લગતા પેચીદા પ્રશ્નો ઉકેલવા માટે હંમેશા તૈયાર હોય. આથી મિકેનિકલ એન્જિનિયરીંગ એક એવું ફિલ્ડ છે કે, સોયથી લઈને એરોપ્લેન કે એરોસ્પેસમાં વપરતા સાધનો તૈયાર કરવા માટે અને તેના માટે ઉપયોગમાં લેવાતા મશીનો તૈયાર કરવાની પ્રવૃત્તિ છે. જેમાં આઈડિયા કે કોન્સેપ્ટ, ડિઝાઈનીંગ, સંશોધન, મેન્યુફેક્ચરીંગ, રિપેરીંગ, અપગ્રેડેશન અનેઈમ્પ્રુવમેન્ટ સહિતની બાબતોનો સમાવેશ થાય છે.



આ એક એવું ફિલ્ડ છે કે જ્યાં મશીનોનું અસ્તિત્વ છે ત્યાં આ ક્ષેત્રના નિષ્ણાતોનું અસ્તિત્વ છે. અહિં પારંગત થયેલા વિદ્યાર્થીઓને મિકેનિકલ એન્જિનિયર, મેન્યુફેકટરીંગ એન્જિનિયર, કેડ ટેકનિશિયન, ન્યુક્લીયર એન્જિનિયર, એરોસ્પેસ એન્જિનિયર, માઈનીંગએન્જિનિયર, વોટર એન્જિનિયર, મેન્ટેન્સ એન્જિનિયર, કંટ્રોલ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્જિનિયર વગેરે જેવી જોબ મળે છે. ટૂંકમાં કલાકો સુધી મશીન સાથે રમવાની ધીરજ અને દિમાગ હોય તો જ આ ફિલ્ડ પકડવું જોઈએ. બીટેક અને બીઈ સાથે મિકેનિકલ એન્જિનિયરીંગ કર્યા બાદ તમે એમ. ટેક અને ત્યારબાદ પીએચડી કરી શકો છો. તમને વાર્ષિક રૂા.૩ લાખથી શરૂ થાય તેવી જોબ મળી શકે છે. ત્યારબાદ જેમ જેમ અનુભવ મળે તેમ-તેમ આગળ વધી શકો છો. મારી પાસે એવા ઉદાહરણો છે કે, મિકેનિકલ ઈજનેર બન્યા બાદ કંપનીમાં તેનું ખૂબ જ મહત્વ હોય છે. એક મિત્રનું ઉદાહરણ આપું તો તે એક મશીન બનાવતી કંપનીમાં મેન્ટેનન્સ એન્જિનિયર છે અને તેનું કામ તેની કંપની દ્વારા બનાવવામાં આવેલા મશીનોનું એસેમ્બલીંગ અને મેન્ટેનન્સ એટલે કે રિપેરીંગનું કામ છે. આ કંપની માત્ર ભારત જ નહિ પરંતુ વિશ્વભરમાં મશીનો સપ્લાય કરે છે. આ મશીનો એવા મોનોપોલીવાળા હોય છે કે તેનું રિપેરીંગનું કામ કંપનીના એન્જિનિયર જ કરી શકતા હોય છે. આથી તે પોતાની કંપનીમાં ઉચ્ચ હોદ્દો, પગાર અને સન્માન મેળવે છે. ભારત સહિત વિશ્વભરમાં તે પ્રવાસ કરતો હોય છે. પ્રવાસ માટેની ફાઈવ સ્ટાર રહેવા, જમવા અને વિમાન ટિકિટ તેને કંપની તરફથી મળે છે. તે ખૂબ જ સુખી છે. આવા તો અનેક ઉદાહરણ છે કે જેઓએ મશીનરી ક્ષેત્રમાં કાઠું કાઢ્યું હોય અને તે ખૂબ જ આગળ વધી ગયા હોય. તાજેતરમાં જ આકાશ ગજ્જર નામના અમદાવાદી યુવાન સોશિયલ મીડિયામાં પોતે બનાવેલા મશીનો બાબતે ખૂબ જ છવાઈ ગયો છે. સાવ નાની ઉંમરે આ યુવાને વટવામાં પોતાની ફેક્ટરીની સ્થાપના કરી છે અને પાણીપુરી, ચા, કોફી, ચોળાફળી તેમજ બીજી ખાદ્ય પદાર્થોના મશીન બનાવતી કંપની ખોલીને કરોડોનું ટર્નઓવર કરે છે. તમે ખાલી ગૂગલમાં સર્ચ કરશો તો તેના અનેક વિડીયો જોવા મળશે.

**તો મિકેનિકલ એન્જિનિયર બન્યા બાદ જોબ ના મળે તો શું કરવું ?**

તો હવે આપણે આપણા મિત્રના સવાલનો જવાબ આપીશું. તેઓ દ્વારા આપવામાં આવેલી વિગતો ઉપરથી લાગે છે કે તેમણે શરૂઆતમાં જોબ તો કરી પરંતુ પછી કોઈક અલગ જ ક્ષેત્ર એટલે કે રીક્રુટમેન્ટ એજન્સીમાં જોબ લીધી. મારી સલાહ છે કે જો આપને ખરેખર મશીનના ક્ષેત્રમાં લગાવ હોય કે તેમાં સારી આવડત આવી ગઈ હોય તો થોડોક સંઘર્ષ કરવાની તૈયારી રાખીને ઓછા તો ઓછા પગારમાં ફરી વખત નોકરીમાં લાગી શકાય છે. જો તમે ખંતથી કામ કરશો તો આજે નહી તો કાલે તમને સફળતા મળશે જ અને તમે તમારા ઉદ્યોગમાં ટોચના સ્થાને હશો તો નક્કી છે. વળી તમે હાલમાં જે ડિઝાઈનીંગનું કામ કરો છો તો તેમાં આગળ વધશો તો તેમાં પણ ક્યાંક ને ક્યાંક તો નોકરી મળી જ રહેશે. એક વાત ધ્યાનમાં રાખવાની રહેશે કે તમે જ્યારે કોઈ ક્ષેત્રમાં પહેલી પેઢી હોવ અથવા તો નવા હોવ કે કોઈ સપોર્ટ ના હોય ત્યારે શરૂઆતમાં તે ક્ષેત્રમાં સંઘર્ષ કરવો જ પડશે. જો શરૂઆતના પાંચ વર્ષ સારી રીતે કામ કરશો તો બાકી વર્ષો સફળતાથી અને સરળતાથી પસાર થઈ જશે. હવે વાત આવે છે કે તમને આ ક્ષેત્રમાં રસ રહ્યો નથી. તો કંઈ વાંધો નહી તમે પોતે નક્કી કરો કે તમને શેમાં રસ પડે છે અને કયા ક્ષેત્રમાં આગળ વધવું છે. કેનેડા જવાનો બેકઅપ પ્લાન છે તો ત્યાં જઈને તમે શું કરશો તે નક્કી કરવું પડશે. જો તમારી ડિગ્રીના આધારે ડાયરેક્ટ જોબ મળે તો તે સર્ચ કરો. અથવા આગળ અભ્યાસ કરવો હોય તો તમારા રસના વિષયમાં કરવા માટે જાણિતા કન્સલ્ટન્ટનો સંપર્ક કરીને તેમનું માર્ગદર્શન મેળવી લો. તેઓ પાસેથી જ ઓછા વ્યાજની લોન બાબતે માહિતી મળી રહેશે.

જો તમારે સરકારી નોકરી કરવાની ઈચ્છા હોય તો તે સરળતાથી મળતી નથી. તેના માટે ઓછામાં ઓછી ત્રણ વર્ષાની મહેનત જરૂરી હોય છે. ખાસ કરીને આર્મીની ત્રણેય પાંખો એટલે કે ભૂમિ દળ, હવાઈ દળ અને નૌકા દળમાં મિકેનિકલ એન્જિનિયરીંગ માટે ખાસ ભરતી થતી હોય છે. પરંતુ તેના માટે કદાચ તમે લઘુત્તમ વય મર્યાદા વટાવી ચુક્યા છે. રેલવે તેમજ સરકાર હસ્તકના બોર્ડ અને કોર્પોરેશનોમાં આ ક્ષેત્રમાં નોકરી મળતી હોય છે. તેના માટે સ્પર્ધાત્મક પરીક્ષા આપવાની હોય છે અને તેની તૈયારી કરવાની રહેશે. આ ઉપરાંત ક્લાર્કથી લઈને અધિકારી બનવા સુધીની સરકારી નોકરીઓની જાહેરાતો બહાર પડતી હોય છે કે જેને તમારી ડિગ્રી સાથે કોઈ સંબંધ નથી તે પણ આપી શકો છો. સ્નાતક તો તમે થયેલા જ છો તો યુપીએસસી અને જીપીએસસી દ્વારા લેવાતી વર્ગ-૧ અને વર્ગ-૨ની પરીક્ષા પણ આપી શકો છો. મારી સલાહ માત્ર એટલી જ છે કે, તમે હવે જે કરવા માગો છો તેમાં આત્મવિશ્વાસ રાખીને આગળ વધો. થોડોક સંઘર્ષ થશે પરંતુ તેની સફળતા જરૂર મળશે.

# મહોરમનાં પવિત્ર તહેવારોમાં સભા-સરઘસ નિયમન અંગે પરવાનગી લેવી જરૂરી

જૂનાગઢ, તા.૨૭

આગામી તા.૨૯નાં રોજ મહોરમ (તાજીયા)નો તહેવાર આવતો હોય કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જૂનાગઢ જિલ્લામાં તાજીયા સરઘસ વગેરેનું નિયમન કરવાનું અને તે અંગે જાહેર સુલેહશાંતી તથા જાહેર વ્યવસ્થા જળવાઈ તે માટે સાવચેતીનાં પગલા લેવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) "એન" અને "ઓ" અન્વયે જાહેરનામુ સમગ્ર જૂનાગઢ જિલ્લાનાં વિસ્તાર માટે પ્રસિધ્ધ કરી અધીક જિલ્લા મેજીસ્ટ્રેટ પી.જી.પટેલે સંજય મોદીએ તેમને મળેલ સત્તાની રૂએ હુકમ ફરમાવેલ છે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૧૪૧ તથા ૧૩૫માં દર્શાવ્યા મુજબ શિક્ષાને પાત્ર ઠરશે તથા ઈ.પી.કો. કલમ ૧૮૮ હેઠળ શીક્ષાને પાત્ર ઠરશે.

તાજીયા પંજો, ડોલી, હાથીઘોડા ફેરવવા માટે સંબંધકર્તા વિભાગનાં સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ પાસેથી ઠરાવેલ મુદતમાં પરવાનગી અગાઉથી મેળવવી પડશે. આવી પરવાનગી પરા પૂર્વથી ફેરવવામાં આવતા તાજીયા માટે અગર માનતાના તાજીયા માટે મુસ્લિમ કોમના કોઈપણ શખ્સને ઉપરોક્ત શરત નંબર એકમાં જણાવેલ પરવાનગી મેળવનાર શખ્સોએ જ્યારે કોઈપણ પોલીસ અધિકારી પરવાનગી જોવા માંગે ત્યારે રજૂ કરવી પડશે.

પરવાનગી મેળવનાર શખ્સ પોતે તેમના તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા સાથે ફરતી મંડળીના સરઘસના કારણે ફરતા માણસોની વર્તણુક અને સુલેહ શાંતિ ભરી રસમો માટે તે પોતે જવાબદાર રહેશે. કોઈપણ શખ્સ અગર મંડળી અથવા સરઘસની વર્તુણકને અવ્યવસ્થિત અથવા સુલેહ શાંતિ માટે જોખમકારક જણાય તેઓને આપવામાં આવેલ પરવાનગી રદ કરવામાં આવશે જે તેસબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા અપાયેલ પરવાનગીમાં દર્શાવેલ માર્ગને આધિન રહીને પરવાનગી મેળવનાર શખ્સ પોતાના તાજીયા, પંજો, ડોળી, હાથી, ઘોડા સરઘસમાં ફેરવી શકશે. પરવાનગીમાં મુકરર કરેલ સ્થળે વાર્જિત્ર વગાડી શકશે. રસ્તાઓ ઉપર ઢોલ કે બીજા વાજીંત્રો વગાડવા માટે પરવાનગી તા.૩૦ જુલાઈ સુધી આપવામાં આવશે. શહાદતની રાત્રીએ સાંજનાં ૫-૦૦ કલાક થી બીજા દિવસની સવારનાં ૨-૦૦ વાગ્યા સમય દરમ્યાન સરઘસ ફેરવવાનાં રહેશે. તાજીયા દરમ્યાન દફન અને ઠંડા કરવાનાં દિવસે બપોરનાં ૨:૩૦ થી બીજા દિવસનાં સવારનાં ૬-૦૦ કલાક સુધીમાં સરઘસ અને તાજીયાની પ્રક્રીયા પુરી કરવાની રહેશે. આ હુકમનો ચુસ્તંપણે અમલ કરવાનો રહેશે. રસ્તા ઉપર તાજીયા અગર મંડળી વગેરેની લાંબા સમય સુધી એક રસ્તા ઉપર રાખવા દેવા માટે કે થોભવા દેવામાં આવશે નહીં. સ્થળ ઉપર હાજર રહેલા પોલીસ અધિકારીઓના હુકમને આધિન રહી વધુમાં વધુ પાંચ મિનીટમાં તાજીયા અગર તેની ડોળી મંડળને ચોકારીને આગળ વધવું પડશે.

પરાપૂર્વથી ચાલતા આવેલ અને પરવાનગીમાં બતાવ્યા ક્રમ પ્રમાણે તાજીયા સાર્વનજિક રસ્તો ઉપર એક પછી એક લઈ જવા પોલીસ ઈન્સ્પેકટર અને પોલીસ સબઈન્સ્પેકટર દ્વારા દર સાલનાં આધારે આપેલ અનુક્રમ નંબર એક પછી એક લાઈનમાં ચલાવવા અને જયારે સામસામા તાજીયા આવે ત્યારે પછી દરેક તાજીયા અગર મંડળીઓ તેમની ડાબી બાજુએ રહીને સામેથી આવનાર તાજીયાને રસ્તો આપવો, ગાડી અગર ઘોડા ઉપર સવાર તથા માણસ મળે તો તાજીયા સામે જનાર શખ્સોએ તે વાર્જિત્રબંધ કરી ડાબી બાજુએથી તાજીયા વગેરે લઈને આગળ વધવું અને તાજીયા એક એક પાછળ બીજો આવે તે રીતે પોતાની ગલી આવતી હોય તે ગલીના નાકે થોભવું અને જયારે પોતાનો નંબર આવે ત્યાર પછી પાછળ દાખલ થવું. કોઈપણ શખ્સો તલવાર, ખંજર, સોટી, લાકડી, કે કોઈપણ પ્રકારના હથીયાર લઈને ફરવું નહીં. રમત ગમત માટે જે શખ્સોએ પરવાનગી મેળવેલ હશે તે રમતના સધળા સાધનો પોલીસ દેખરેખ નીચે લઈ જવા દેવામાં આવશે. મહોરમમાં ભાગ લેનાર શખ્સોએ બીજા કોમના સ્વાંસગ, વેષો કાઢવા નહીં ઈતર કોમનાં ધર્મની લાગણી દુભાય દુશ્મનાવટ ઉભી થાય અગર તો સુલેહશાતીનો ભંગ થાય તેવા કૃત્યો કરવા નહીં આ જાહેરનામુ તાત્કાલીક અસરથી તા.૩૦ જુલાઈ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામું પોલીસ ખાતાનાં સભ્યો, હોમગાર્ડનાં સભ્યો તથા જેઓને ફરજની રૂએ હથીયાર ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહી. જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર વ્યકિત સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# જૂનાગઢની સેવાભાવી કેર ફાઉન્ડેશનના કારીકરોની અત્યંત પ્રશંસનીય કામગીરી



જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢ શહેરમાં કડિયાવાડ ખાતે ઈમારત ધસી પડવાની ઘટના વખતે જૂનાગઢમાં કાર્યરત કેર ફાઉન્ડેશનના કાર્યકરોએ ખૂબ જ પ્રશંસનિય કામગિર કરી હતી. આ ઘટનાની જાણ થતા જ કેર ફાઉન્ડેશનના કાર્યકરો ઘટના સ્થળે એમ્બ્યુલન્સ, ટ્રેક્ટર, કાર્યકરોની ટીમ અને ઓક્સિજનના બાટલા, મેડિકલ સાધનો સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને તત્કાલ ઈમારતનો કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરી હતી અને બચાવ કામગીરીમાં તંત્રને મદદરૂપ થયા હતા. કેર ફાઉન્ડેશનના કાર્યકરો ઓબેદભાઈ દુરવેશ, સિરાજભાઈ મંસુર, આદિલભાઈ કોતલ, હાફિઝ અમીર દૂર્વેશ, ઈર્શાદભાઈ, ઈરફાનભાઈ તેમજ કેર ફાઉન્ડેશનની સમગ્ર ટીમ બચાવ કાર્યમાં લાગી ગઈ હતી. જૂનાગઢમાં ગત શનિવારે આવેલા ભયાનકપુર અને વરસાદ વખતે પણ કેર ફાઉન્ડેશનની ટીમ દ્વારા ૨૪ કલાક સતત ખડે પગે રહી બચાવ તેમજ રાહત કામગીરી તેમજ ફૂડ પેકેટ વિતરણની કામગીરી કરવામાં આવી હતી. કેર ફાઉન્ડેશન દ્વારા જૂનાગઢ શહેર જિલ્લામાં સતત સેવાકીય કાર્યવાહી કરવામાં આવે છે. કેર ફાઉન્ડેશનની દવાની દુકાન પણ છે જેમાં તમામ લોકોને ડિસ્કાઉન્ટથી દવા આપવામાં આવે છે. કેર ફાઉન્ડેશન દ્વારા નાત, જાત, ધર્મના ભેદભાવ વગર સેવાકીય કાર્યવાહી કરવામાં આવે છે.

# જૂનાગઢ મહાનગર દ્વારા ભયજનક અને જર્જરીત ઈમારતોને દુર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ

જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢ શહેરમાં વસવાટ કરતા શહેરી જનોને જર્જરીત મકાનો /ફલેટ કે કોર્મશીયલ કોમ્પ્લેક્ષમાં રહેતા તેમજ ઉપયોગ કરતા તમામ નગરજનોને મહાનગરપાલિકા દ્વારા જાણ કરવામાં આવે છે કે પોતાના જોખમી, જર્જરીત, ભયજનક મકાનો, દુકાનો રેસીડેન્ટ કોમ્પ્લેક્ષ વગેરે જેવી ઈમારતો તાત્કાલીક ધોરણે પાડવાની કાર્યવાહી હાથ ધરવી. આ બાબતે મહાનગરપાલિકા દ્વારા અવાર—નવાર નોટીસ દ્વારા પણ જર્જરીત ઈમારતના માલીકો કે ભોગવટો કરનાર ભાડુત ભોગવટેદારને જાણ કરવામાં આવેલ છે. આમ છતા તેઓ દ્વારા તેને દુર કરવાના પગલા લેવામાં આવેલ નથી. જે ધ્યાને લઈ તંત્ર દ્વારા જાહેર નોટીસ પણ ઈશ્યુ કરવામાં આવેલ છે. આમ છતાં શહેરીજનો દ્વારા જર્જરીત મકાનો/બિલ્ડીંગોનો ઉપયોગ કરતા જાણવા મળેલ છે. જે ધ્યાને લઈ તેઓને તાકીદ કરવામાં આવે છે કે તાત્કાલીક ધોરણે જોખમી, જર્જરીત અને ભયજનક મકાનો/ બિલ્ડીગો/ કોમ્પ્લેક્ષો ખાલી કરવા, જો આ બાબતોની અમલવારી કરવામાં નહી આવે તો મહાનગરપાલિકા દ્વારા મકાન માલીક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા માલિકના ખર્ચે અને જોખમે આવા બિલ્ડીંગો દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ હાલના બનાવોને ધ્યાને લઈ મહાનગરપાલિકા દ્વારા જોખમી, જર્જરીત અને ભયજનક મકાનો બિલ્ડીંગો પાડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે જેની શહેરીજનો આવી ઈમારતોને ઉતારવાની કાર્યવાહી કરવાનું જણાવવામાં આવે છે.

# સરકાર ૨૦૦૦ની નોટો જમા કરાવવાની મુદત નહીં વધારે

નવી દિલ્હી, તા.૨૭



ભારતીય રિઝર્વ બેંકે ૨૦૦૦ રૂપિયાની નોટને જમા કરાવવા માટે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ની ડેડલાઈન નક્કી કરી છે. જો તમારી પાસે હજુ પણ ૨૦૦૦ રૂપિયાની નોટ હોય તો આને ડેડલાઈન પહેલા બેંકોમાં જમા કરાવી દેજો. કેમ કે ૨૦૦૦ રૂપિયાની નોટને જમા કરાવવાની ડેડલાઈન સરકાર લંબાવાની નથી. સંસદમાં કેટલાક સભ્યોએ સરકારને પૂછ્યુ કે શું ૨૦૦૦ રૂપિયાની નોટને જમા કરાવવાની ડેડલાઈન લંબાવામાં આવશે. જેની પર નાણા મંત્રાલયે જવાબ આપ્યો. ઉલ્લેખનીય છે કે ૧૯ મેના રોજ રિઝર્વ બેંકે ૨૦૦૦ રૂપિયા પાછા મંગાવવાની જાહેરાત કરી હતી. ડેડલાઈનને લંબાવાની સ્થિતિને સ્પષ્ટ કરતા નાણા મંત્રાલયે કહ્યું કે ૨૦૦૦ રૂપિયાની નોટને જમા કરાવવાની અંતિમ તારીખ લંબાવાશે નહીં એટલે કે જેની પાસે હજુ પણ ૨૦૦૦ રૂપિયાની નોટ છે, તેમણે ૩૦ સપ્ટેમ્બર પહેલા જમા કરાવવી પડશે. સંસદના ચોમાસુ સત્રમાં સુપ્રિયા સૂળે સહિત અમુક સાંસદોએ આ વિશે પૂછ્યુ હતુ. સાંસદોના પ્રશ્નોનો જવાબ આપતા નાણા રાજ્ય મંત્રી પકંજ ચૌધરીએ સ્પષ્ટ કરી દીધુ કે ડેડલાઈનમાં કોઈ પણ પરિવર્તન કરવામાં આવશે નહીં. તેમણે કહ્યુ કે હાલ સરકાર આવો કોઈ વિચાર કરી રહી નથી. નાણા રાજ્ય મંત્રીએ કહ્યુ કે જે ૨૦૦૦ રૂપિયાની નોટ પાછી બેંકમાં જમા કરાવવામાં આવી રહી છે, તેના બદલે આપવા માટે બીજી કરન્સીનો સ્ટોક ઉપલબ્ધ છે. ભારતીય રિઝર્વ બેંકે મે મહિનામાં સૌથી મોટી કરન્સી ૨૦૦૦ રૂપિયાની નોટ પર નિર્ણય લીધો હતો, જોકે રિઝર્વ બેંકે કહ્યુ હતુ કે ૨૦૦૦ રૂપિયાની નોટ ૩૦ સપ્ટેમ્બર સુધી માન્ય રહેશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ૨૦૦૦ રૂપિયાના નોટને ક્લીન નોટ પોલિસી હેઠળ બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. આ પોલિસી હેઠળ આરબીઆઈ ધીમે-ધીમે ૨૦૦૦ની નોટ બજારમાંથી પાછી મંગાવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૮ નવેમ્બર ૨૦૧૬એ દેશમાં નોટબંધીનું એલાન કર્યુ હતુ ત્યારે ૫૦૦ અને ૧૦૦૦ ની નોટ ચલણમાં રદ કરી દેવાઈ હતી. સરકારના આ નિર્ણયથી દેશમાં ખૂબ હાહાકાર મચી ગયો હતો, પરંતુ બાદમાં નવી નોટ કરન્સી માર્કેટનો ભાગ બની. સરકારે ૨૦૦, ૫૦૦ અને ૨૦૦૦ની નોટ લોન્ચ કરી હતી પરંતુ હવે આમાંથી ૨ હજારની નોટ પાછી મંગાવવામાં આવી છે, નવેમ્બર ૨૦૧૬માં નોટબંધી બાદ આગામી અમુક મહિનાઓ સુધી દેશમાં ખૂબ અફરાતફરીનો માહોલ બની રહ્યો હતો. લોકોને જૂની નોટ જમા કરાવવા અને નવી નોટ મેળવવા માટે બેંકોમાં લાંબી લાઈનોમાં ઊભુ રહેવુ પડ્યુ હતુ.

## બાળકના જન્મ દિવસની પ્રેરક સેવા પ્રવૃત્તિ

# ખંભાળિયાના ધરમપુર વિસ્તારમાં રક્તદાન કેમ્પ સહિતના આયોજનો સંપન્ન



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૭

ખંભાળિયાના ધરમપુર ગ્રામ પંચાયત વિસ્તારના અગ્રણી તેમજ સેવાભાવી કાર્યકર દ્વારા પુત્રના જન્મદિવસ નિમિત્તે અનેકવિધ સામાજિક તથા ધાર્મિક કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ખંભાળિયાના ધરમપુર વિસ્તારના પૂર્વ સરપંચ લાલજીભાઈ ખાખીના પૌત્ર અને તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન તેમજ સતવારા અગ્રણી રસિકભાઈ નકુમના પુત્ર સ્મિતનો સોમવારે જન્મદિવસ હોય, આ પ્રસંગે ગત સાંજે ધરમપુર વિસ્તારમાં આવેલા પ્રસંગપાર્ટી પ્લોટ ખાતે રક્તદાન કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૨૧૧ રક્તદાતાઓએ રક્તદાન કરી સેવાની જ્યોત જલાવી હતી. આ સાથે ત્રણ પેઢીના પીઢ સેવાભાવી ધનજીભાઈ અમરાભાઈ ગોવાળનું પણ રક્તતુલા કરી અને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જુદા જુદા ચાર મંદિરોમાં નુતન ધ્વજારોહણના કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા. આ આયોજનોમાં જામનગરના ધારાસભ્ય રિવાબા જાડેજા, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, જિલ્લા યુવા ભાજપ પ્રમુખ વનરાજસિંહ વાઢેર, જામનગર જિલ્લા મહામંત્રી મેરામણભાઈ ભાટુ, મહિલા અગ્રણી નિમિષાબેન નકુમ, જાણીતા ઓર્થોપેડિક ડોક્ટર અમિત નકુમ, ઈન્દ્રજીતસિંહ પરમાર, માનભા જાડેજા, જગદીશભાઈ મોદી સહિતના આગેવાનો, કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને આ પ્રેરક સેવા પ્રવૃત્તિને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં સાધુ-સંતો તેમજ કિન્નર સમાજે પણ ખાસ ઉપસ્થિત રહી અને આશીર્વાદ પાઠવ્યા હતા.

# શબ્દોનું સ્પર્શવું પણ સ્પર્શની એક પરાકાષ્ઠા છે

શબ્દોનું પણ એક સુંદર વિજ્ઞાન છે. આપણે જે કાઈ પણ બોલીએ કે વિચારીએ છીએ તેનો પ્રભાવ વ્યક્તિ અને વાતાવરણ ઉપર અવશ્ય પડે છે. મુખમાંથી નીકળતા શબ્દો આકાશમાં રહેલ સુક્ષ્મ પરમાણુઓમાં કંપન પેદા કરે છે. આમ, વાણી જ ભાવનાઓને ઊભારે છે અને તરંગિત કરે છે. આપણે જોઈ શકીએ કે અપમાનજનક શબ્દોથી ક્રોધ આવે છે. જ્યારે મધુર શબ્દો થકી શત્રુને પણ મિત્ર બનાવી શકાય છે. શ્રેષ્ઠ શબ્દોથી વિશેષ શક્તિશાળી અને પ્રભાવશાળી કંપન ઉત્પન્ન થાય છે. ધ્વનિ કંપન્ન ચાર પ્રકારે ઉત્પન્ન થાય છે. ૧. વાયુ દ્વારા, ૨. જળ દ્વારા, ૩. પૃથ્વી દ્વારા અને ૪. સંકલ્પ દ્વારા. આમ, દરેક સંકલ્પ દરેક શબ્દ એક વિશેષ કંપન પેદા કરે છે. એક પ્રખ્યાત લેખકના ખુબ જ સુંદર શબ્દો છે. શબ્દોનો પણ એક સ્વાદ હોય છે. મીઠું બોલનાર વ્યક્તિ બધાને ગમે છે. જ્યારે કડવું અને તોછડું બોલનાર વ્યક્તિને કોઈ પસંદ કરતું નથી. તમારી વાણી અને શબ્દો તમારા વ્યક્તિત્વ અને સંસ્કાર પ્રદર્શિત કરે છે. એક સજ્જન વ્યક્તિ ની વાણીમાં હમેશા નમ્રતા અને વિવેક છલકતો હોય છે. આમ તો વાણીની કોઈ વ્યાખ્યા નથી હોતી. કહેવત છે કે કમ બોલો, ધીમે બોલો ઓર મીઠા બોલો. એ પણ એક કળા છે. કેટલું બોલવું..., કેવું બોલવું..., કેમ બોલવું... અને ક્યારે બોલવું... જે વ્યક્તિ આ કળા શીખી લે છે તે પોતાના જીવનમાં સફળતા જરૂર મેળવે છે. મીઠા તથા કડવા શબ્દો અને વિચાર વ્યક્તિ માટે સારા અને ખરાબ પરિણામો લાવી શકે છે. એક નિશ્ચિત ક્રમમાં શબ્દોનું સિમરણ કરવાથી અથાગ બળ બને છે. આવા શબ્દોને બળ ભાવનાઓ થકી મળે છે. આથી જ આપણી ભાવનાઓમાં શાંતિ, પ્રેમ અને અન્યોનું કલ્યાણ હોવું જરૂરી છે. આપણે જ્યારે બોલીએ ત્યારે શબ્દ પરાવર્તિત થાય છે. તેના પરાવર્તનથી ચારે બાજુ તથા લક્ષિત ક્ષેત્ર સુધી શક્તિશાળી પ્રકંપનોનું જાળ પથરાઈ જાય છે અને ધીમે ધીમે એક શક્તિ પૂંજ બની જાય છે. મુખ દ્વારા બોલવામાં આવતા શબ્દ વધારે શક્તિશાળી હોતા નથી. આ શબ્દો બોલવા પાછળ જે ભાવના હોય છે તેનો પ્રભાવ પડતો હોય છે. ભાવનાથી શક્તિ આવે છે. આ ભાવના જેટલી શુદ્ધ હોય છે, તેટલી જ શક્તિશાળી હોય છે. આ શક્તિ દ્વારા જ ઈશ્વરની અનુભૂતિ કરીએ છીએ અને સ્વયં ને શ્રેષ્ઠ બનાવીએ છીએ. આપણે જે પણ શબ્દો બોલીએ એનાથી ધ્વનિ તરંગો બને છે. જ્યારે અંતરાત્મા અને જે શબ્દો બોલીએ તે એક સમાન હોય તો તે પ્રચંડ શક્તિ પેદા કરે છે. તેનાથી આપણું વ્યક્તિત્વ પ્રભાવિત થાય છે. ત્યારે આપણે સમીપવર્તી અને દૂરવર્તી વાતાવરણને કોઈ ને કોઈ રૂપે પ્રભાવિત કરીએ છીએ. ઉચ્ચારણ દ્વારા જે ધ્વનિ તરંગો નીકળે છે તે સ્વયંને અને સમસ્ત વાતાવરણને પ્રભાવિત કરે છે. સંગીત થી પણ બધા પ્રભાવિત થાય છે. જ્યારે સ્વરની લહેરો ઉલ્લાસથી ભરેલી હોય તો સાંભળનાર પ્રાણીઓ, જડ અને ચેતન ઉપર અદભૂત હલચલ ઉત્પન્ન કરે છે. સમસ્ત જગતનો સાર 'વાણી' છે. શબ્દ એક શક્તિશાળી પદાર્થ છે. જેવી રીતે અણુનો, વીજળીનો, તાપનો ઉપયોગ થાય છે. તેવી રીતે શબ્દ શક્તિનો પણ પ્રયોગ કરી શકાય છે. મુખ દ્વારા જે સાધારણ શબ્દ આપણે બોલીએ તેનાથી ખુબજ વધારે શક્તિનો વ્યય થાય છે. જેમકે આપણે કહીએ કે તમે શું જમ્યા, શું પીધું, દેશ-વિદેશના સમાચાર, સમાજમાં બની રહેલી સારી ખરાબ ઘટનાઓ વગેરે.... સાધારણ વાતચીત, મજાક-મસ્તી વારંવાર કરતા રહીએ, તેના માટે મનમાં અનેક શબ્દો ઘૂમ્યા કરે છે. જે સંપૂર્ણ નિરર્થક છે. મોટાભાગે પ્રવચન કરનાર બીજાઓને સદુપદેશ આપવામાં પ્રવીણતા પ્રગટ કરે છે. તે વિચારોને અલંકૃત શબ્દોમાં ગૂંથીને એવા બનાવી શકે છે કે આપણાં કાનોને ખુબજ મીઠા લાગે છે. 'શબ્દો' આપણી આત્માની ગહેરાઈમાંથી આવે છે. ઘણી વાર કોઈ અજાણ્યા વ્યક્તિને પહેલી વાર મળ્યા હોય તો પણ પોતાનાપણાનો અહેસાસ થાય છે. શબ્દો મીઠા હોય તો પારકાને પણ પોતાના બનાવી દે છે. મીઠું મીઠું બોલવા વાળાનું મરચું પણ વેચાય જાય છે. શબ્દ એક બાણ સમાન છે જે એક વાર મુખમાથી નીકળ્યા પછી પરત આવતા નથી. તેવી જ રીતે બોલ બોલતા પહેલા જોઈ લો મીઠા છે કે નથી. ખોટું બોલવું, કટુ વચન બોલવા, તર્કહીન વાતો કરવી, અહંકારયુક્ત વાત કરવી, કોઈની નિંદા કરવી આ બધા જ કડવા બોલ છે. જ્યારે આપણે કોઈને કહીએ તમે ખૂબ જ સારા વ્યક્તિ છો તમે ભલા વ્યક્તિ છો તો તે શબ્દ તમને ખુબજ શાંતિ આપશે. તમારા આવા શબ્દો થી સામેની વ્યક્તિ પણ શાંતિની અનુભૂતિ કરશે. એટલે જ સાવધાની રાખવાની જરૂરત છે. શબ્દોનો પણ વજન હોય છે. નકારાત્મક શબ્દો ભારે હોય છે. માની લો કે 'લાયક' શબ્દનો વજન એક કિલોગ્રામ હોય છે. તો 'નાલાયક' શબ્દનો વજન સો કિલોગ્રામ હોય છે. ''લાયક'' શબ્દ બોલવાથી તેના સ્પંદન ખુબજ ઓછા હોય છે. જ્યારે કોઈને ''નાલાયક'' બોલીએ તો તેના સ્પંદનો સો ગણા વધુ હોવાના કારણે અંદર સુધી દૂ:ખી થઈએ છે. એટલે જ સમજી વિચારી ને બોલવું જોઈએ. શબ્દ, ધ્વનિ અને સંકલ્પ દરેક વ્યક્તિને પ્રભાવિત કરે છે. જેમકે વાદળોનું ગર્જવું, સિહની દહાડ અને સંગીત. શબ્દ અને સંકલ્પોમાં શકિત ક્યાથી આવે છે....? વ્યક્તિ સમસ્ત માનવજાત, પ્રકૃતિ અને પ્રાણી પ્રત્યે શુભ ભાવના અને શુભ કામના થકી શક્તિ સંપન્ન બની શકે છે. શુભ ભાવનાઓમાં અપાર શકિત સમાયેલી છે. આમ, જે શબ્દો કાનથી સાંભળી શકીએ છીએ તેની શક્તિ બહુજ ઓછી હોય છે. પરતું સંકલ્પોની શકિત ઘણી વધારે હોય છે. સંકલ્પોની ધ્વનિ સાંભળી નથી શકતા પરંતુ તે એટલી તીવ્ર હોય છે કે વિશ્વના કોઈ પણ ભૂભાગ તેમજ ચંદ્રમા અને સૂર્ય વગેરેમાં ક્રાંતિ કરી શકે છે. આથી જ કહી શકાય કે શબ્દોમાં જાન હોય છે. આજે સમસ્ત સંસારમાં સુવિચારો, સુવાક્યો અને મોટીવેશનલ સ્પીકરોની ભરમાર છે. સોશિયલ મીડિયામાં અગણિત ઉપકરણો છે. જે અમુક અંશે બધાને પ્રેરિત કરે છે. પરંતુ પ્રશ્ન એ છે કે શું તે સ્થાયી છે કે અસ્થાયી.....? ક્ષણિક પ્રેરિત થઈ અને પરિણામ શૂન્ય હોય એનો કોઈ અર્થ નથી. તમારા પ્રેરણાત્મક શબ્દો બીજાને ત્યારે જ પ્રેરિત કરી શકે જ્યારે તમારી ભાવના અને કામના શુદ્ધ અને પવિત્ર હોય. આધ્યાત્મિક જગતના ઘણા પ્રતિષ્ઠિત વ્યક્તિઓ છે જેને આજે કરોડો લોકો અનુસરે છે અને પસંદ કરે છે.....શા માટે...?કારણ કે તેમની વાણીમાં નમ્રતા, વિવેક, મીઠાશ, શુભ ભાવના સમાયેલા હોય છે. તેઓને કોઈ પણ પ્રકારની ઈચ્છા કે અપેક્ષા કે કાઈ લેવાની ભાવના હોતી નથી. તેઓમાં લોકોની સેવા કરવાની નિસ્વાર્થ વૃત્તિ પ્રબળ હોય છે. જેના કારણે જ તેમના શબ્દો ખુબજ પ્રભાવશાળી પણ હોય છે અને મજબૂત પણ હોય છે. લોકોના હૃદયને સ્પર્શી જાય એટલાં સુંદર હોય છે. તેથી જ આજના યુવાઓ પણ આવા વ્યક્તિઓ તરફ વધૂ આકર્ષિત થઈ રહ્યા છે. અંતમાં, મારૂ માનવું છે કે વિનાશી સંપત્તિની સંપન્નતાને સમૃદ્ધતા કહી શકાય કે શું તેમાં કદાચ અતિશયોક્તિ હોય શકે, પરંતુ સાચી અવિનાશી સમૃદ્ધતા તો સદગુણ, સદવ્યવહાર, શ્રેષ્ઠ સંસ્કાર અને શુદ્ધશબ્દોમાં જ સમાયેલી છે. આથી જ વ્યક્તિના જીવનમાં એક એક શબ્દ અને એક એક સંકલ્પનું મહત્વ રહેલું છે. શ્રેષ્ઠ શબ્દ અને શ્રેષ્ઠ સંકલ્પ એક શ્રેષ્ઠ ચરિત્રનું નિર્માણ કરે છે.

**- પ્રો. ડો. તૃપ્તિ છાંટબાર(માંગરોળ), મણિપુર ઇન્ટરનેશનલ યુનિવર્સિટી એન્ડ સેન્ટર ફોર એકેડમિક રિસર્ચ**





# ડબલ એન્જિન સરકાર,
# વિકાસની તેજ રફ્તાર

## માનનીય વડાપ્રધાન
## શ્રી નરેન્દ્રભાઈ મોદીના
## વરદ્હસ્તે


# સૌરાષ્ટ્રના લોકોને ₹૨૦૩૦ કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટની ભેટ






**રાજકોટમાં ગુજરાતનું ચોથું ઇન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણઃ**
૨૫૩૪ એકર વિસ્તારમાં ફેલાયેલ ૩ કિમી લાંબો અને
૪૫-મીટર-પહોળો રન વે કોઈપણ સમયે ૧૪ વિમાનોને સમાવી શકે છે.
₹૧૪૦૫ કરોડનું આ એરપોર્ટ પીક અવર્સ
દરમિયાન પ્રતિ કલાક ૨૮૦૦ પ્રવાસીઓનું સંચાલન કરી શકશે.

**"સૌની" યોજનાના વિસ્તરણ થકી હરિયાળી ક્રાંતિને મળ્યો વેગઃ**
કુલ ₹૩૯૪ કરોડના ખર્ચે "સૌની" યોજના લિંક-૩ના
ભાદર-૧, આજી-૧ અને ફોફળ-૧ના
ફીડરના વિસ્તરણ થકી ૯૮,૦૦૦ થી વધુ લોકોને
તથા ૫૨,૩૦૦ એકરથી વધુ જમીનને થશે લાભ







**રાજકોટ મહાનગરપાલિકાના કુલ ₹૨૩૪ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણઃ**
₹૧૩૦ કરોડના ખર્ચે રાજકોટના કાલાવડ રોડ કે. કે. વી. ચોક ખાતે
નિર્મિત રાજકોટ શહેરનો પ્રથમ ૧૧૫૨ મીટર લાંબો
મલ્ટીલેવલ ફ્લાય ઓવરબ્રિજ

**અમૃત-૧ યોજના હેઠળ વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણઃ**
₹૩૦ કરોડના ખર્ચે રૈયાધાર ખાતે ૫૦ મિલિયન લિટરની ક્ષમતાવાળા
વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને કોઠારિયા ખાતે ₹૨૫ કરોડના ખર્ચે ૧૫ મિલિયન લિટરની
ક્ષમતાવાળા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ





**₹૯ કરોડના ખર્ચે ત્રણ માળની અદ્યતન લાઈબ્રેરીનું લોકાર્પણઃ**
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના વિવિધ વિષયોના ૩૩,૦૦૦થી
વધુ પુસ્તકો અને બાળકોના ૧૯૩૦ રમકડાઓથી સમૃદ્ધ લાઈબ્રેરી

**૨૭-૦૭-૨૦૨૩, ગુરુવાર • બપોરે ૨-૩૦ વાગે • રેસકોર્સ મેદાન, રાજકોટ**



# જૂનાગઢમાં ભયજનક બિલ્ડીંગના ઓઠા હેઠળ મકાન માલિક દ્વારા ભાડુઆતોને ખાલી કરવા કારશો ?

## બીએમસી એક્ટ ૨૬૪ અંતર્ગત મનપા તંત્રએ પુરતું સર્વે કર્યા વિના નોટિસ ફટકારી અને જવાબદારીમાંથી છટકી જવાનો પણ આક્ષેપ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ શહેરમાં જર્જરીત અને ભયજનક બિલ્ડીંગોને ઉતારી લેવા માટેની મહાનગરપાલિકા દ્વારા જે તે મકાન માલિકોને નોટિસો ફટકારવામાં આવી છે. જેને લઈને શહેરમાં અનેકવિધ ચર્ચાઓ ઉઠવા પામી છે. એક એવી પણ ફરિયાદ ઉઠવા પામી છે કે, મનપા તંત્રએ જવાબદારીમાંથી છટકી જવા માટે નોટિસો આપી દીધી હતી અને કામગીરીપુર્ણ થઈ હોવાનો સંતોષ માની લીધો હોયતેવું લાગે છે. પરંતુ બીજી તરફ મનપાની ભયજનક મકાન અંગેની નોટીસોનો કેટલાક મકાન માલીકો કે જે સરકારી કાયદાઓના અર્થઘટનને કારણે ભાડુતો પાસેથી પોતાની જગ્યા ખાલી કરાવી શકતા ન હતા તે લોકોને જાણે મોકળુ મેદાન મળી ગયું હોય તેમ કેટલાક મકાન ધારકોએ કોઈને પુછયા વિના જ ભાડુઆતના મકાન અથવા તો દુકાનો ઉતારી લેવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી હોવાના પગલે વર્ષોથી જે તે મકાન અથવા દુકાન ધરાવતા લોકોમાં ખળભળાટ મચી જવા પામેલ છે. એટલું જ નહી જર્જરીત અને ભયજનક જે બિલ્ડીંગ હોય અથવા તો જે ભાગ ઉતારી લેવાની અગત્યતા હોય તે ભાગ કોઈ મોટી દુર્ઘટના બને તે પહેલા ઉતારી લેવો તે સૌના હિતની વાત છે અને આ કામગીરીમાં મનપા તંત્ર અથવા તો જે તે મકાન માલિકોને સાથસહકાર આપવો તે માનવતાની કામગીરી ગણાશે. પરંતુ ભયના ઓથાળના બહાના વચ્ચે ભાડુતને યેનકેન પ્રકારે ખાલી કરાવી નાખવામાં આવી રહ્યા હોવાના ચોંકાવનારા કિસ્સા બહાર આવ્યા છે. ત્યારે કોઈ ઉતાવળ્યું પગલું ભરીઅને કોઈ મકાન માલિક તેઓના ભાડુત અથવા દુકાન ધરાવતા વ્યકિત જે જગ્યા વાપરે છે તે સુરક્ષીત હોવા છતાં મકાન માલિકદ્વારા પોતાની મેળે આવી દુકાન અને મકાન ખાલી કરાવવા માટેની અને બાંધકામ તોડી પાડવાની પ્રવૃતિ કરશે તો તેની સામે કાનુની રાહે કાર્યવાહી કરવામાં આવે તેવા નિર્દોષે મળી રહ્યા છે.

જૂનાગઢ શહેરમાં તાજેતરમાં એટલે કે ગત સોમવારે દાતાર રોડ ઉપર કડીયાવાડના નાકા પાસેનું એક બિલ્ડીંગ ધરાશાયી બન્યું અને આ બિલ્ડીંગ તુટી પડવાની ઘટનામાં એક જ પરિવારના ચાર વ્યકિતઓના જાન ગુમાવ્યા છે. તેને લઈને હાહાકાર મચી જવા પામેલ છે. આ ઘટનાના ઘેરાપ્રત્યાઘાતો પડયા છે. દરમ્યાન ચોમાસા પહેલા નોટીસો મારીને જાણે કામ સંપુર્ણ થઈ ગયું હોય તેવા સંતોષના ઓડકાર સાથે સુસુપ્ત અવસ્થામાં રહેલું મનપા તંત્ર હરકતમાં આવી ગયું છે અને જર્જરીત મકાનો ઉતારવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરમાં જર્જરીત મકાનો અંગે વહેલી તકે ઉતારી લેવા અને જો કોઈ દુર્ઘટના ઘટશે તો તેના જવાબદાર જે તે મકાન માલિક રહેશે તેવી નોટીસો સાથે મનપાએ બીએમસી એક્ટ ૨૬૪ અંતર્ગત જે તે આસામીને નોટીસ ફટકારી છે. ત્યારે આવી આ નોટીસનો જૂનાગઢ શહેરમાં દુરઉપયોગ થઈ રહ્યો હોવાના ચોંકાવનારા અહેવાલો પ્રાપ્ત થયા છે. જૂનાગઢના જાણીતા એડવોકેટ અને કાનુની નિષ્ણાંત કિરીટભાઈ સંઘવીએ આજે જણાવ્યું હતું કે, મનપા દ્વારા જર્જરીત મકાન અંગેની નોટીસો ફાળવ્યા બાદ કેટલાક મકાન માલિકો હરકતમાં આવી ગયા છે અને વર્ષોથી જે મકાનો અને દુકાનો ખાલી કરી શકતા ન હતા તે આ નોટીસના પ્રતાપે પોતાની જગ્યા ખાલી કરવા ઉતરી આવ્યા છે. આવા કેટલાક કેસો અમારી પાસે આવ્યા છે. આ જે કેસો અમારી પાસે આવ્યા છે તેમાં જે તે મકાન માલિકની જગ્યામાં દુકાન અથવા તો મકાન ભાડા પેટે મેળવનાર લોકોનું કહેવું એમ છે કે, જર્જરીત ગણાતી બિલ્ડીંગમાં કેટલોક ભાગ જ ખરાબ હાલતમાં છે અને આ ભાગ ઉતારી લેવા માટે કાર્યવાહી થાય તો તેની સામે અમોને કોઈ વાંધો નથી પરંતુ દાખલા તરીકે ત્રણ માળનું બિલ્ડીંગ હોય અથવા તો બે માળનું બિલ્ડીંગ હોય તેમાં ઉપરનો માળ ખરાબ થઈ ગયો હોય તો તે ઉતારવો જોઈએ પરંતુ નીચેનો ભાગ સંપુર્ણપણે સુરક્ષીત હોય કોઈજાતની ખરાબી ન હોય તો તેને પણ લીલા ભેગું સુકું બળી જાય તેમ મકાન માલિક આવા ભાગને તોડી પાડી અને પોતાની જગ્યા કબ્જે કરવાનો કારશો કરી રહ્યા છે. તેવી વ્યાપક ફરિયાદો ઉઠી છે. દરમ્યાન જૂનાગઢ શહેરના કડીયાવાડના નાકે મકાન તુટી પડયું અને ચાર લોકોએ જાન ગુમાવ્યા છે ત્યારે ભારે કાગારોડ મચી ગઈ છે અને એવા સંજોગોમાં મનપા તંત્ર જર્જરીત મકાન પડવાની કામગીરી હાથ ધરી છે અને પોતાની જવાબદારીમાંથી છટકી જવા માટે અમોએ નોટીસ આપેલી છે તેવું ગાણું ગાય રહેલ છે.

દરમ્યાન મનપા તંત્ર દ્વારા જે નોટીસો પાઠવવામાં આવી છે તે અંગે એડવોકેટ કે.બી. સંઘવીએ જણાવ્યું હતું કે, જૂનાગઢ મનપા તંત્રએ પોતાની જવાબદારીમાંથી છટકી જવારૂપ જે કાર્યવાહી થઈ છે અને જે નોટીસો પાઠવવામાં આવી છે તેમાં કોઈપણ જાતનો ઉલ્લેખ નથી. કોઈ ટેકનિકલ નિષ્ણાંત માણસો દ્વારા સર્વે થયો નથી. એટલું જ નહી જે તે મકાનનો કયો ભાગ કે કયો હિસ્સો જર્જરીત છે તેઓ કોઈ ઉલ્લેખ જ નથી. માત્રને માત્ર બીએમસી ૨૬૪ અંતર્ગત નોટીસો ફટકારવામાં આવી છે અને આવી નોટીસો બાદ જે તે મકાનો કે ઈમારતોને ઉતારવા અંગેની કોઈ હિલચાલ થઈ નથી પરંતુ આ નોટીસોના બહાના હેઠળ કેટલાક સ્થળોએ જે તે મકાન માલિકો જ પોતાની મેળે મકાનો અને દુકાનો ઉતારવા લાગી ગયા છે. તેઓને ઉદેશ એટલો જ છે કે, કોઈપણ ભોગે તેઓએ ભાડા પટ્ટે આપેલું મકાન કે દુકાનની જગ્યા ખાલી કરાવી અને પોતાનો સ્વાર્થ સાધી લેવો અને આવું ષડયંત્ર હાલ જૂનાગઢ શહેરમાં ચાલી રહ્યું છે ત્યારે તેની સામે વિરોધ વ્યકત કરવામાં આવી રહેલ છે અને આવા મકાન માલિકની શાન ઠેકાણે લાવવા માટે કાનુની જંગના મંડાણ નિશ્ચિત મનાઈ છે.

# કડીયાવાડની તુટી પડેલી બિલ્ડીંગનાં ત્રણ માલીકો સામે આખરે પોલીસ ફરીયાદ

## બે માલીકોના તો અનુક્રમે ૪૭ અને પાંચ વર્ષ પહેલા મૃત્યું થઈ ચુક્યા છે !

જૂનાગઢતા.૨૭

ગત સોમવારે જૂનાગઢ શહેરનાં કડીયાવાડના નાકાખાતે આવેલ ત્રણ માળની જર્જરીત ઈમારત તુટી પડી તેમાં એક આખા કુટુંબ સહીત ૪ વ્યકિતઓનો ભોગ લેવાયો. જે અંગે શહેરભરમાં હોબાળો મચી ગયો હતો. ત્યારે આ બનાવનાં ૯૬ કલાક બાદ જૂનાગઢ મનપાના ટાઉન પ્લાનીંગ ઓફીસર બિપીન હસમુખભાઈ ગામીત (ઉ.વ. ૫૪)એ આ કામના આરોપીઓ એટલે કે જર્જરીત ઈમારતના માલીકો (૧) તુલસીદાસ વિરજીભાઈ પીઠડીયા (૨) નારણદાસ વિરજીભાઈ પીઠડીયા અને (૩) રતીલાલ વિરજીભાઈ પીઠડીયા સામે એવા મતલબની ફરીયાદ નોંધાવી છે.

આ ઘટનામાં સૌથી વિચિત્ર બાબત એ છે કે આ ઈમારતના ત્રણ માલીક પૈકી તુલસીદાસભાઈ પીઠડીયા ૪૭ વર્ષ પહેલા મૃત્યું પામ્યા છે. જયારે બીજા આરોપી નારણદાસભાઈનું પાંચ વર્ષ પહેલા મૃત્યુંથયા છે. જયારે ત્રીજા આરોપી રતીલાલભાઈની ઉંમર ૭૦ વર્ષ છે. આમ ત્રણ પૈકી બે આરોપી તો સ્વર્ગે સીધાવી ચુકયા છે તેની સામે કેવી રીતે ફરીયાદ દાખલથાય ? તેવો સવાલ ઉઠયો છે. મૃતકને આરોપી બનાવીને તંત્ર શું સિધ્ધ કરવા માંગે છે તે જ સમજાતું નાથી. જયારે ત્રીજા આરોપી વયોવૃધ્ધ છે. આમ આ સમગ્ર ઘટનાક્રમમાં મુખ્યત્વે મનપાની બેદરકારી જ દેખાઈ આવે છે તેવું લોકો કહી રહયા છે.

ટાઉન પ્લાનીંગ ઓફીસર ગામીતે જે ફરીયાદ નોંધાવી છે તેની વિગતો મુજબ આ કામના આરોપીઓએ જૂનાગઢ મનપા હદ વિસ્તારમાં વોર્ડ નં. ૧૦માં દાતાર રોડ ઉપર કડીયાવાડના નાકે ગાયત્રી દાળીયા ભંડાર દુકાનની બાજુમાં આવેલ શ્રીનાથજી નામની બે માળની બિલ્ડીંગ જર્જરીત હાલતમાં હોય અને સમયસર આ બિલ્ડીંગનો કાટમાળ ઉતારવામાં નહી આવે તો બિલ્ડીંગની બાજુમાંથી પસાર થતા શહેરીજનો તથા મુસાફરોની માથે બિલ્ડીંગનો કાટમાળ પડશે તો તેમનુ મોત નિપજશે તેમ જાણતા હોવા છતા અને મનપા દ્વારા નોટીસ આપવા છતા કોઈપણ જાતની દરકાર લીધા વગર આરોપીઓએ પોતાના મકાનનો કાટમાળ નહી ઉતારતા પોતાનુ મકાન ધરાશાયી થતા ૪ જીંદગીનો ભોગ લેવાયો. જે અંગે ગુનાહીત મનુષ્ય વધ કરી મોત નિપજાવી આરોપીઓએ ગુનામાં મદદગારી કરી ગુનો કર્યા બાબત ફરીયાદ નોંધાવતા પોલીસે આ બનાવમાં ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં મહોરમના આયોજન બાબતે કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક મળી

જૂનાગઢ, તા.૨૭

આગામી મહોરમ પર્વની ઉજવણી કરવામાં આવશે ત્યારે આ પર્વ નિમિતે નીકળતા અલમ સેજ તાજીયા દરમ્યાન મોટી સંખ્યામાં ભાવિકો પરિવાર સહિત આ પર્વ નિમિતે આસ્થા સાથે દર્શનાર્થે આવતા હોઈ ત્યારે આ પર્વ નિમિતે જૂનાગઢ મહાનગરમાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે સુલેહ શાંતિ ભંગ ના થાય તેવા હેતુસર જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલ રાણાવાસિયાના અધ્યક્ષસ્થાને મહોરમ સબબ બેઠકનું આયોજન કરવામાં આવેલ જેમાં જિલ્લા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટી, અધિક કલેકટર પટેલ. નાયબ પોલીસ અધીક્ષક હિતેશ ધાનધલિયા, નાયબ કમિશ્નર જયેશ વાજા, પી.જી.વી.સી.એલ.ના અધિકારી ઉપરાંત શહેરના અલમ સેજ તાજીયા કમિટી હોદેદારો મહોરમ એકતા સમિતિના પ્રતિનિધિઓ આગેવાનો સાથે ચર્ચા કરી જરૂરી સૂચનો આપેલ જેમાં પ્રતિનિધિઓએ સહકારની ખાત્રી આપેલ. જ્યારે પોલીસ અધીક્ષક રવિ તેજા વાસમ શેટ્ટીએ પણ પોલીસ વિભાગ તરફથી સહકારની ખાત્રી આપેલ.આ તકે મહોરમ એકતા સમિતિના બટુકભાઈ મકવાણા, હુસેનભાઈ દલ, અશ્વિનભાઈ મણિયાર, એસ.આઈ.બુખારી, વહાબભાઈ કુરેશી, જિશાન હાલેપોત્રા, અસદબાપુ કાદરી, મૂનાબાપુ કાદરી, રજાકભાઈ હાલા, મહેબૂબભાઈ પંજા, સૈયદ અસદબાપુ, મુખ્તારબાપુ, શબ્બીરભાઈ અમ્રેલિયા, હારૂનભાઈ ભટ્ટી, સમીર કાદરી, રઈસબાપુ કાદરી, કાસમભાઈ જુણેજા, હાજીભાઈ ઠેબા, સોહેલ સિદીકી સહિતના હાજર રહેલ હતા.

## કરબલાના શહિદોની યાદમાં કોમી એકતાના સંદેશ સાથે જૂનાગઢ શહેરમાં અલમ શરીફનુ ભવ્ય ઝુલુસ નીકળ્યું



જૂનાગઢતા. ૨૭

જૂનાગઢ શહેરમાં મહોરમની ઉજવણી શરૂ થઈ ગઈ છે. કરબલાના શહિદોની યાદમાં મહોરમ માસની સાત તારીખે દર વર્ષે પરંપરા મુજબ અલમ શરીફનુ ઝુલુસ કાઢવામાં આવે છે અને શહિદોને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવે છે. જે અંતર્ગત ગત રાત્રે ગીરનાર રોડ સ્થિત અલમશરીફના ડેલામાંથી અલમનુ ઝુલુસ નીકળ્યું હતું. અને શહેરના રાજમાર્ગો ઉપર ફરી મોડી રાત્રે કોમી એકતા અને ભાઈચારાના સંદેશા સાથે મુળ સ્થળે સંપન્ન થયુ હતું. અલમ શરીફના આ ઝુલુસ દરમ્યાન આગેવાનો કોર્પોરેટર રજાકભાઈ હાલા, બટુકભાઈ મકવાણા, વહાબભાઈ કુરેશી, મહેબુબભાઈ પંજા, મુખ્તારબાપુ કાદરી, શફદરહુસેન સૈયદ, મુન્ના બાપુ, સોહેલ સિદીકી, એસ.આઈ. બુખારી, સલીમભાઈ ગુજરાતી, શબ્બીરભાઈ અમરેલીયા, એઝાજબાપુ, આર.એચ. સૈયદ, અસદ સૈયદસહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતાં અને પોલીસ તંત્ર સાથે સંકલન જાળવી નિયમ સમય મર્યાદા પહેલા ઝુલુસ સંપન્ન કર્યુ હતું. ઝુલુસ દરમ્યાન એડીવીઝન પીઆઈ વાઢેરના નેતૃત્વ હેઠળ પોલીસ અને ટ્રાફીક સ્ટાફે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખી હતી.

**પુછો જરા પુછો.. કયા હાલ હૈ.. હાલ મેરા બે હાલ હૈ...**

# જૂનાગઢના કાળવાના વોકળામાં સફાઈના અભાવે કચરાના ગંજ ખડકાયા

## સાવચેતી વરતવામાં નહી આવે તો ફરીવાર પુરપ્રકોપની ઘટના બની શકે તેવો ભય







જૂનાગઢ તા. ૨૭ : જૂનાગઢ શહેરના મુખ્ય પ્રવેશદ્વાર સમા કાળવાના પુલ ઉપરથી દરરોજ સેંકડો વાહનો પસાર થતા હોય છે. આ કાળવાના પુલ નીચે જ વોકળો ગણો કે કાળવા નદી ગણો તે આવેલો છે. અને આ કાળવાના વોકળામાં જંગલ વિસ્તારમાંથી વરસાદનુ પાણી પુરપાટ વેગથી આવતું હોય છે. અને એક તકે તો કાળવાનો વોકળો પણ બેકાંઠે થતો હોય છે. તાજેતરમાં જ જૂનાગઢમાં થયેલા ભારે વરસાદને પગલે કાળવાનો વોકળો બેકાંઠે થયો હતો અને અનેક વિસ્તારમાં પુરના પાણી ફરી વળ્યા હતાં. એક તરફ ભારે વરસાદ અને જંગલ વિસ્તારનુ પાણી અને સાથે જ વોકળામાં કચરાના ઢગલા ખડકાયા હોય જેથી પાણી ઉપરથી જ પસાર થઈ જતુ હતું અને જેને લઈને પણ વોકળો બેકાંઠે થયો હોવાનું કહેવાય છે. ચોમાસા પહેલા મનપા તંત્ર દ્વારા પ્રિમોન્સુનની કહેવાતી કામગીરીમાં વિવિધ વોકળાઓની સફાઈ કરી હતી તેવું કહેવાય છે. પરંતુ પ્રસ્તુત તસ્વીરમાં જોશો તો કાળવાના વોકળામાં પ્રથમથી જ કચરાના ઢગલા રહેલા હતાં અને તેમાં જંગલવાસના પુરના પાણીમાં પણ અનેકગણો કચરો ઠલવાયો છે જે દર્શાય રહયો છે. કાળવાના પુલની આજુબાજુ રહેલા મકાનમાં પાણી ઘુસી ગયા હતાં અને ધોવાઈ ગયા હતાં. તંત્ર કાળવાના પુલની સફાઈ અભિયાન હજી સુધી ચાલુ ન કરેલ અને ફરીથી ભારે વરસાદ આવશે તો જવાબદાર કોણ ? જો ન કરે નારાયણ અને ફરીવાર જોરદાર વરસાદ પડે અને ગીરનાર જંગલનું પાણી આ કાળવાના વહેણમાં ઠલવાય તો જૂનાગઢમાં ફરી પુરપ્રકોપની ઘટનાનુ પુનરાર્વતન થાય તેવો ભય સેવાઈ રહયો છે. ત્યારે આ બાબતે તત્કાલ મનપા તંત્રએ કાર્યવાહી કરવા માંગ ઉઠી છે. (તસ્વીર : બ્યુરો ઓફીસ)

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૯૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.